RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 064 Dt. 24-09-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## ડોનાલ્ડ ટ્રમ્પનું સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાષણ

# યુક્રેન યુદ્ધમાં ભારત-ચીનના ભંડોળનો ઉપયોગ : ટ્રમ્પ

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ભાષણમાં અમેરિકાની સૌથી મજબૂત અર્થવ્યવસ્થા, સરહદો, લશ્કરી શક્તિ, મિત્રતા અને રાષ્ટ્રીય ભાવના પર ભાર મૂક્યો

નવીદિલ્હી, તા. ૨૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાષણ આપ્યું, જેમાં તેમની વર્તમાન વ્હાઇટ હાઉસ ભૂમિકા અને અમેરિકાની વૈશ્વિક શક્તિ પર ભાર મૂક્યો. સાત યુદ્ધો અટકાવ્યા હોવાનો દાવો કરતા, ટ્રમ્પે કહ્યું કે તેમણે સાત ''અનંત યુદ્ધો'' સમાપ્ત કર્યા છે, જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ૧૨ દિવસના યુદ્ધ અને ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના ૧૨ દિવસના યુદ્ધનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, ''હું ઈચ્છું છું કે સંયુક્ત રાષ્ટ્ર આ કરી શકે, પરંતુ મારે કરવું પડ્યું.'' રશિયા-યુક્રેન યુદ્ધ અંગે, ટ્રમ્પે કહ્યું કે નાટો દેશો તેમની સામે યુદ્ધ માટે ભંડોળ પૂરું પાડી રહ્યા છે. તેમણે ભારત અને ચીન પર યુક્રેન યુદ્ધમાં રશિયાને ભંડોળ પૂરું પાડવાનો આરોપ લગાવ્યો. ટ્રમ્પે કહ્યું કે ચીન અને ભારત રશિયન તેલ ખરીદીને યુક્રેનમાં યુદ્ધના મુખ્ય નાણાકીય સહાયક છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેઓ જૈવિક શસ્ત્રો સંમેલનને લાગુ કરવા માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું નેતૃત્વ કરશે અને આવા શસ્ત્રો પર પ્રતિબંધ મૂકવાની હાકલ કરી. તેમણે એમ પણ કહ્યું કે ભારત અને ચીન બંને યુક્રેનમાં યુદ્ધમાં મુખ્ય રોકાણકારો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, ''તે શરમજનક છે કે નાટો દેશોએ રશિયન ઊર્જા અને રશિયન ઊર્જા ઉત્પાદનો પર વધુ પ્રતિબંધો લાદ્યા નથી. તેઓ પોતાની સામે યુદ્ધ માટે ભંડોળ પૂરું પાડી રહ્યા છે.'' રશિયા દ્વારા યુક્રેન પર સંપૂર્ણ આક્રમણ શરૂ કર્યાના ત્રણ વર્ષથી વધુ સમય પછી, યુએસ અને યુરોપિયન યુનિયન હજુ પણ અબજો યુરો મૂલ્યના રશિયન ઊર્જા અને માલસામાનની આયાત કરે છે, જેમાં લિક્વિફાઇડ નેચરલ ગેસથી લઈને સમૃદ્ધ યુરેનિયમનો સમાવેશ થાય છે. ટ્રમ્પે કહ્યું, ''તેઓ રશિયા સામે લડતી વખતે રશિયન તેલ અને ગેસ ખરીદી રહ્યા છે. આ તેમના માટે શરમજનક છે.'' ટ્રમ્પે કહ્યું કે જો યુદ્ધનો અંત લાવવા માટે કોઈ કરાર ન થાય, તો યુએસ રશિયા પર અનેક ટેરિફ લાદવા માટે તૈયાર છે.



''પરંતુ આ ટેરિફ અસરકારક બનવા માટે, હમણાં અહીં ભેગા થયેલા તમે બધા યુરોપિયન દેશોએ આ ચોક્કસ પગલાં લેવામાં અમારી સાથે જોડાવું પડશે,'' ટ્રમ્પે કહ્યું.

ટ્રમ્પે અમેરિકાની શક્તિઓ અને સિદ્ધિઓની પ્રશંસા કરતા કહ્યું કે અમેરિકા પાસે સૌથી મજબૂત અર્થતંત્ર, સરહદો, લશ્કરી શક્તિ, મિત્રતા અને રાષ્ટ્રીય ભાવના છે. તેમણે તેને અમેરિકાનો સુવર્ણ યુગ ગણાવ્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્રના હેતુ પર પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે સંગઠન તેની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરી રહ્યું નથી. તેમણે કહ્યું, ''મોટાભાગના કિસ્સાઓમાં, તેઓ ફક્ત મજબૂત પત્રો લખે છે અને તેનું પાલન કરતા નથી. ખાલી શબ્દો યુદ્ધો રોકતા નથી.'' તેમણે સાત યુદ્ધો બંધ કરવાનો પણ દાવો કર્યો. પોતાના ભાષણમાં, ટ્રમ્પે એ પણ યાદ કરાવ્યું કે તેમણે અગાઉ તેમના વ્યવસાયિક કારકિર્દી દરમિયાન યુએન સંકુલના નવીનીકરણ માટે બોલી લગાવી હતી, પરંતુ તેને અન્ય, વધુ ખર્ચાળ વિકલ્પો કરતાં પસંદ કરવામાં આવી હતી.

ટ્રમ્પે પોતાના ભાષણમાં અમેરિકાની સ્થાનિક સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ઊર્જા ખર્ચ, ગેસોલિન અને કરિયાણાના ભાવમાં ઘટાડો થયો છે, મોર્ટગેજ દરમાં ઘટાડો થયો છે અને ફુગાવો નિયંત્રિત થયો છે. તેમણે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહીની પણ હિમાયત કરી અને કહ્યું કે અમેરિકા હવે વૈશ્વિક સ્તરે આદર પામે છે. ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સ અને સ્થળાંતર કરનારાઓને તેમના દેશોમાં પ્રવેશવા દેવા બદલ સંયુક્ત રાષ્ટ્રના દેશોની ટીકા કરી. તેમણે કહ્યું, તમે તમારા દેશોને બરબાદ કરી રહ્યા છો. તેઓ બરબાદ થઈ રહ્યા છે. યુરોપ ગંભીર મુશ્કેલીમાં છે. ગેરકાયદેસર એલિયન્સની સેના દ્વારા તેમના પર આક્રમણ કરવામાં આવી રહ્યું છે જે પહેલાં ક્યારેય કોઈએ જોયું નથી. ગેરકાયદેસર એલિયન્સ યુરોપમાં ઘૂસી રહ્યા છે. તેમણે કહ્યું, તમારા દેશો નરકમાં જઈ રહ્યા છે.

# દિલ્હી AAPના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલી વધી

### EDએ ૭.૪૪ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી

નવીદિલ્હી, તા. ૨૩

દિલ્હી સરકારના ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર કુમાર જૈનની મુશ્કેલીઓ ફરી એકવાર વધી ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તેમની ૭.૪૪ કરોડની બેનામી મિલકતોને કામચલાઉ રીતે જપ્ત કરી છે. EDની તપાસ ૨૪ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ દાખલ કરાયેલી CBI FIR પર આધારિત છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે જૈને મંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન (ફેબ્રુઆરી ૨૦૧૫ અને મે ૨૦૧૭ વચ્ચે) તેમની આવક કરતાં વધુ સંપત્તિ એકઠી કરી હતી. ED એ અગાઉ ૩૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ જૈન સાથે જોડાયેલી કંપનીઓની ₹૪.૮૧ કરોડ (આશરે ૧.૫ બિલિયન) ની મિલકતો જપ્ત કરી હતી અને ૨૭ જુલાઈ, ૨૦૨૨ ના રોજ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી, જેની કોર્ટે પણ નોંધ લીધી હતી.



તપાસમાં જાણવા મળ્યું કે નોટબંધી પછી તરત જ (નવેમ્બર ૨૦૧૬ માં), જૈનના નજીકના સહયોગીઓ અંકુશ જૈન અને વૈભવ જૈને દિલ્હીમાં બેંક ઓફ બરોડા, ભોગલ શાખામાં ₹૭.૪૪ કરોડ (આશરે ૧.૫ બિલિયન) રોકડમાં જમા કરાવ્યા હતા. તેમણે આ પૈસા આવક ડિસ્ક્લોઝર સ્કીમ (IDS) હેઠળ એડવાન્સ ટેક્સ તરીકે ચૂકવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે આ પૈસા તેમની ચાર કંપનીઓઃ અકિંચન ડેવલપર્સ, પ્રયાસ ઇન્ફોસોલ્યુશન્સ, મંગલાયતન પ્રોજેક્ટ્સ અને ઇન્ડો મેટલ ઇમ્પેક્સમાંથી આવ્યા હતા. જોકે, આવકવેરા વિભાગ અને અદાલતોએ જણાવ્યું હતું કે આ કંપનીઓ ખરેખર સત્યેન્દ્ર જૈનની હતી, અને અંકુશ અને વૈભવ ફક્ત તેમની બેનામી મિલકતો હતી. આવકવેરા વિભાગ અને દિલ્હી હાઇકોર્ટ બંનેએ જૈનના સહયોગીઓને બેનામી ધારકો માન્યા હતા, અને સુપ્રીમ કોર્ટે આ નિષ્કર્ષને સમર્થન આપ્યું હતું, તેમની અપીલ ફગાવી દીધી હતી.

EDએ આ માહિતી CBI સાથે પણ શેર કરી હતી, જેણે પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી, જેનાથી જૈનની બેનામી સંપત્તિમાં વધુ વધારો થયો હતો. EDએ હવે ૭.૪૪ કરોડ રૂપિયાની વધારાની સંપત્તિ જપ્ત કરી છે, જેનાથી કુલ જપ્ત કરાયેલી સંપત્તિ રૂ. ૧૨.૨૫ કરોડનો કેસ છે. ED હવે આ મામલે પૂરક ફરિયાદ દાખલ કરવાની યોજના બનાવી રહી છે. આ કેસ હાલમાં નવી દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી હેઠળ છે.

### ૨૦૦ કરોડની બજેટ જોગવાઈ : ક્લાઈમેટ રિઝિલિઅન્ટ અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સુવ્યવસ્થિત કરવા અને રોડ નેટવર્ક મજબૂત બનાવવા સરકાર હરકતમાં

# ગ્રીન રિંગ રોડ યોજનાની SOP જાહેર

રાજકોટ, તા. ૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકાઓમાં ક્લાયમેટ રિઝિલિઅન્ટ અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન દ્વારા સુવ્યવસ્થિત શહેરી પરિવહન અને કાર્યક્ષમ રોડ નેટવર્ક માટેની મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાના અમલની જોગવાઈને મંજૂરી આપી છે. રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા વિકસાવવાના થતા આવા ગ્રીન રીંગ રોડ માટે રૂ.૨૦૦ કરોડનું બજેટ પ્રાવધાન કરેલું છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના મુખ્ય ભાગમાં પ્રવેશ્યા વિના શહેરના વિવિધ ભાગો વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડવા અને શહેરોના કેન્દ્રથી ટ્રાફિકને દૂર વાળવા શહેરની ફરતે રિંગ રોડ વિકાસથી કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. એટલું જ નહિં, શહેરી વિસ્તારોમાં વધતા જતા ટ્રાફિક ભારણનું અદ્યતન અને સ્માર્ટ ટેકનોલોજીથી ડાયવર્ઝન, નિયંત્રણ અને વ્યવસ્થાપન કરવાની બાબતો પણ આવરી લેવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાની જોગવાઈ તૈયાર કરવા માટે આ ક્ષેત્રના જાણકાર, અનુભવી અને



જરૂરી કુશળતા ધરાવતા તજજ્ઞોની એડવાઈઝરી કમિટી અગ્ર સચિવશ્રીની અધ્યક્ષતામાં રચવામાં આવી હતી. આ તજજ્ઞ કમિટીની ભલામણો મુજબ આવા રિંગ રોડ નિર્માણમાં અદ્યતન ગ્રીન-ક્લીન કન્સ્ટ્રક્શન ટેકનોલોજી અને સામગ્રીઓના વધુને વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય પણ રાખવામાં આવ્યો છે.

શહેરોની સુંદરતા અને પર્યાવરણપ્રિય મૂલ્યોમાં વધારો કરવાની સાથે દઢ અને ન્યૂનતમ જાળવણી ધરાવતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની બાબત આ રિંગ રોડ વિકાસ યોજનાની જોગવાઈમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. ગ્રીન રીંગ રોડ માટે સ્ટેઈનેબલ ઈન્ટીગ્રેશન અન્વયે કેરેઝ-વે, મીડિયન અને શોલ્ડર્સ, ડ્રેનેજ અને વરસાદી પાણીનું વ્યવસ્થાપન, રોડ યુટીલિટીઝ, વૃક્ષારોપણ તથા ટ્રાફિક વ્યવસ્થાપન અને રોડ સલામતિ સુવિધાઓ પણ આવરી લેવામાં આવી છે.

જે મહાનગરોમાં ગ્રીન રિંગ રોડનો વિકાસ આ યોજનામાં કરવામાં આવે તેમાં નવીન સંસાધનો પરની જરૂરિયાત ઘટાડવા અને સરક્યુલર ઇકોનોમીને વેગ આપવા માટે રોડ નિર્માણમાં ઉપયોગ થનારા કુલ મટિરીયલના ૨૫ ટકા રિસાયકલ મટીરીયલના ઉપયોગને પ્રાથમિકતા આપવાનું પણ જોગવાઈમાં ઠરાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આવા ગ્રીન રિંગ રોડ પ્રોજેક્ટમાં જે કુલ એનર્જી વપરાશમાં લેવાય તેમાંથી મહત્તમ રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ થાય તેવું આયોજન કરવા મહાનગરપાલિકાઓને સૂચવવામાં આવ્યું છે.

આ ગ્રીન રીંગ રોડ વિકાસ માટેના પ્રોજેક્ટની જટિલતા અને સ્કેલ ધ્યાનમાં લઈને ગ્રીન રિંગ રોડ પ્રોજેક્ટના અમલીકરણ માટે રાજ્ય સરકારની વખતોવખતની ગાઇડલાઇન અને નિયત થયેલી જોગવાઈ મુજબ કરવાનું રહે છે. પ્રોજેક્ટ સંબંધિત ડી.પી.આર.ની ટેકનિકલ અને એન્વાયરમેન્ટલ સમીક્ષા પણ હાથ ધરવાની રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ની ઉજવણી દ્વારા સ્માર્ટ સસ્ટેનેબલ સીટીઝ નિર્માણનું જે વિઝન આપ્યું છે તેને આ મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ વિકાસ યોજના ક્લાઈમેટ રિઝિલિઅન્ટ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી નવી દિશા આપશે.

# નવરાત્રીમાં પેટ્રોલિંગ વધારવા DGPનો આદેશ

### રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે વીડિયો કોન્ફરન્સ દ્વારા શહેરના પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ વડા અને રેન્જ વડા સાથે સમીક્ષા બેઠક યોજી





રાજકોટ, તા.૨૩

ગુજરાતની જનતા દરેક ત્યોહાર મનાવવા માટે હર હંમેશ તલ પાપડ થતી હોય છે તેમાં પણ જ્યારે નવરાત્રી ત્યોહાર ની વાત આવે તો આ વ્યવહારમાં રાજકોટના લોકો મન મૂકીને ગરબાનો લાભ લે છે પરંતુ વાસ્તવિકતા એ પણ છે કે આ તહેવારમાં ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઉભા થતા હોય છે ત્યારે ભવિષ્યમાં કે નવરાત્રી દરમિયાન આ અંગે કોઈ અન્ય પ્રશ્ન ઊભા ન થાય તે માટેના જરૂરી પગલાંઓ લેવામાં આવશે અને ખાસ રાજ્યના પોલીસવાળાએ આ અંગે પોલીસ અધિકારીઓને પણ સૂચિત કર્યું છે અને ખાસ વિડીયો કોન્ફરન્સ મારફતે કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે જે તે શહેર અને જિલ્લાની ટીમ દ્વારા શું તૈયારી કરવામાં આવી છે તેની પણ સમીક્ષા કરવામાં આવી હોવાનું જણાઈ રહ્યું છે. વાહન પેટ્રોલિંગની સાથોસાથ ફૂટ પેટ્રોલિંગ કરવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

નવરાત્રીના પાવન પર્વને ધ્યાનમાં રાખીને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ શહેરના પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ વડા અને રેન્જ વડા સાથે સમીક્ષા બેઠક યોજી હતી.આ બેઠકમાં નવરાત્રી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટેની પોલીસની તૈયારીઓ અને વ્યવસ્થાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.તહેવાર દરમિયાન ચાર મુખ્ય બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સૂચના આપી છે.

નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને મજબૂત વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવામાં આવી છે.આ માટે ૧૬ વધારાની એસઆરપી કંપનીઓ અને બે સ્ટેટ એક્શન ફોર્સની ટુકડીઓ ફાળવવામાં આવી છે.તે ઉપરાંત સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને વાહન પેટ્રોલિંગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શી ટીમને સક્રિય કરવામાં આવી છે.આ ટીમના મહિલા પોલીસકર્મીઓ ગરબા ગ્રાઉન્ડ અને અન્ય ભીડભાડવાળી જગ્યાએ વોચ માટે ટ્રેડિશનલ ડ્રેસમાં તૈનાત રહેશે, જેથી છેડતી કે અન્ય કોઈ અનિચ્છનીય ઘટના ન બને. આ ઉપરાંત, કોઈ પણ આકસ્મિક જરૂરિયાતના સમયે ગુજરાત પોલીસના પ્રોજેક્ટ જનરક્ષક ૧૧૨ પર ફોન કરીને તાત્કાલિક પોલીસ મદદ મેળવી શકાશે.

નવરાત્રી દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે સતત એલર્ટ રહેવા ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. તે ઉપરાંત તહેવાર દરમિયાન ટ્રાફિક વ્યવસ્થાપન માટે વધારાનો સ્ટાફ પણ ફાળવવામાં આવ્યો છે. આ ટીમો ટ્રાફિકનું સુચારૂ સંચાલન કરશે જેથી વાહનચાલકો અને રાહદારીઓને કોઈ અગવડ ન પડે.

તહેવારોના સમયમાં મોડી રાત્રે પણ નાગરિકોની અવરજવર વધુ રહે છે ત્યારે કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સતર્ક રહેશે. કોઈ ઘટના બને તો તાત્કાલિક મદદ મળી રહે તે માટે ક્વિક રિસ્પોન્સ માટે સજ્જ રહેવા તમામ પોલીસ કંટ્રોલ રૂમમાં સૂચનાઓ આપવા જણાવ્યું છે. સિનિયર પોલીસ અધિકારીઓને કંટ્રોલ રૂમમાં હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે.નાગરિકો સાથે પોલીસનું વર્તન સુયોગ્ય રહે અને તેઓ સુરક્ષિત અનુભવે તે માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે. ત્યારે નવરાત્રી દરમિયાન ખેલૈયાઓ મન મૂકીને ગરબાનો લાભ લઈ શકે અને મજા માણી શકે અને કોઈ પણ ને કોઈ હેરાનગતિ ન થાય તે તમામ બાબતોનું ધ્યાન પોલીસ દ્વારા રાખવામાં આવ્યું છે અને તે દિશામાં જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૫

# PMના માઈન્ડ ટુ માર્કેટના વિચારને સાર્થક કરવાનો મંચ : શાહ

## છેલ્લા એક દાયકામાં સ્ટાર્ટઅપ્સમાં ૩૮૦ ટકાની વૃદ્ધિ સાથે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસીસ્ટમ બની આજે ૧.૯૨ લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ અને ૧૨૦થી વધુ યુનિકોર્ન છે, જેની કુલ વેલ્યુ ૩૫૦ બિલિયન ડોલરથી પણ વધુ

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગર ખાતે સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, આ કોન્કલેવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માઈન્ડ ટુ માર્કેટના વિચારને સાર્થક કરવાનો મંચ સાબિત થશે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ છેલ્લા એક દાયકામાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં ૩૮૦ ટકાથી વધુના વૃદ્ધિ દર સાથે આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ડિજિટલ ઈકોસિસ્ટમ બની છે.

ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય સ્ટાર્ટઅપ કોન્કલેવ અને એક્ઝિબિશન-૨૦૨૫નો કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શુભારંભ કરાવ્યો હતો. સ્ટાર્ટઅપ એક્ઝિબિશનનો પ્રારંભ કરાવીને કેન્દ્રીય ગૃહ મંત્રીએ વિવિધ સ્ટાર્ટઅપ સ્ટોલ્સની પ્રત્યક્ષ મુલાકાત લઈ ઉદ્યમીઓ સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ વેળાએ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ અને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત પણ ઉપસ્થિત રહ્યા હતા.

દેશના યુવા ઉદ્યમીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે થયેલી ક્રાંતિનો યશ આપતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં માત્ર ૫૦૦ જેટલા સ્ટાર્ટઅપ્સ અને ચાર જ યુનિકોર્ન હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના યુવાનોમાં રહેલી ક્ષમતાને ઉજાગર કરવા સ્ટાર્ટઅપ્સને આપેલા પ્રોત્સાહનોના પરિણામે આજે દેશમાં ૧.૯૨ લાખથી પણ વધુ સ્ટાર્ટઅપ્સ અને ૧૨૦થી વધુ યુનિકોર્ન કાર્યરત છે, જેની કુલ વેલ્યુ ૩૫૦ બિલિયન ડોલરથી પણ વધુ થાય છે. પરિણામે આજે ભારતનો યુવાન જોબ સીકર મટી, જોબ ગીવર બની રહ્યો છે. તેમણે યુવાનોમાં રહેલી આ ક્ષમતાનો લાભ લેવા ઉદ્યોગકારો અને રોકાણકારોને પણ અપીલ કરી હતી.




સ્ટાર્ટઅપ કોન્કલેવની આ બીજી આવૃત્તિ અંગે તેમણે કહ્યું હતું કે, સતત બે દિવસ ચાલનારા આ કોન્કલેવમાં ભારતને દરેક ક્ષેત્રે સર્વોચ્ચ બનાવવા અને દરેક નાગરિકના જીવનમાં સમયાનુકુળ પરિવર્તન માટે ચિંતા અને ચિંતન થકી સમસ્યાના સમાધાન માટે સાત સત્રોમાં વિચાર-વિમર્શ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૩માં સ્ટાર્ટઅપ કોન્કલેવની પ્રથમ આવૃત્તિની સફળતા બાદ આ બીજી આવૃત્તિ દેશ-પ્રદેશના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં વધુ મદદરૂપ પૂરવાર થશે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ના ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષમાં ભારત ૯૧માં ક્રમે હતું, જે વડાપ્રધાનની નિર્ણાયક અને દૂરંદેશી નીતિઓના પરિણામે તાજેતરમાં જ રીલીઝ થયેલા વર્ષ ૨૦૨૫ના ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષમાં ભારત સીધું જ ૩૮માં ક્રમે પહોંચ્યું છે, જે દેશના યુવાનોમાં રહેલી ક્ષમતા બતાવે છે. યુવાનોની આ જ ક્ષમતાને પ્રોત્સાહન આપીને આગામી ત્રણ વર્ષમાં ભારતને ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષમાં ટોચના ૧૦ દેશોમાં સ્થાન અપાવવામાં પણ આ કોન્કલેવ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ભારતીય જ્ઞાનપ્રણાલીમાં આરોગ્ય, વિજ્ઞાન, ગણિત, દર્શનશાસ્ત્ર સહિત વિવિધ વિષયોનું શ્રેષ્ઠ જ્ઞાન સંચિત થયેલું પડ્યું છે. ત્યારે જ્ઞાનનો આ ખજાનો યુવાનોના નવા સ્ટાર્ટઅપ્સનો મજબૂત પાયો બનશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ ગૌરવ સાથે કહ્યું હતું કે, દેશના કુલ સ્ટાર્ટઅપ્સ પૈકી ૪૮ ટકા સ્ટાર્ટઅપ્સ બહેનોએ તૈયાર કર્યા છે. માતૃ શક્તિ-મહિલા ઉદ્યમીઓ પાસે હંમેશા લક્ષ્મીજીનો વાસ હોય છે. ઉત્તર -પૂર્વમાં અંદાજે ૯૦૦ મહિલા સંચાલિત સ્ટાર્ટઅપ છે જે આત્મનિર્ભર ભારત માટે કાર્યરત છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના માધ્યમથી અત્યાર સુધીમાં ગૌરવ સમાન અંદાજે ૧૭.૯૦ લાખને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ટુ ટાયર અને થ્રી ટાયર સિટીમાં પ્રતિ વર્ષ અંદાજે ૯,૦૦૦ જેટલા સ્ટાર્ટઅપ શરૂ થાય છે, જે દેશનો વિકાસ દર્શાવે છે. હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જીએસટીનું સરળીકરણ કરવામાં આવ્યું છે. જ્યારે દેશભરમાં જીએસટીનો નવો કાયદો લાગુ કરવામાં આવ્યો હતો, ત્યારે વિવિધ ૧૬ ટેક્સને ભેગા કરીને એક ટેક્સ અમલમાં લાવવો એ એક સ્વપનની વાત હતી. દેશના તમામ રાજ્યોએ ભેગા મળીને રૂ. ૮૦ હજાર કરોડથી જીએસટી કરની શરૂઆત કરી હતી. નવા જીએસટી કાયદાના પરિણામે આજે રૂ. ૮૦ હજાર કરોડથી ૨ લાખ કરોડ સુધી જીએસટી કલેક્શન પહોંચ્યું છે. જેથી દેશની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બની છે. શોષણ માટે નહી, પરંતુ દેશના વિકાસ માટે ટેક્સ જરૂરી છે. છેલ્લા ચાર વર્ષોથી ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે આગેવાની સાથે કામ કરીને સમગ્ર દેશમાં પ્રથમ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમની ટીમના મંત્રીઓ તથા સરકારી અધિકારીઓએ સાથે મળીને ગુજરાતને સ્ટાર્ટઅપ ક્રાંતિનું કેન્દ્ર બનાવ્યું છે. દેશમાં ટોપ પાંચ રાજ્યોમાં ૧૬,૦૦૦ સ્ટાર્ટઅપ ગુજરાતમાં છે. માત્ર અમદાવાદ શહેરમાં ૬,૬૫૦ સ્ટાર્ટઅપ સાથે ટોપ-૪માં સ્થાન ધરાવે છે. સતત ચાર વર્ષથી સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં ગુજરાત બેસ્ટ પર્ફોમન્સ કરતુ રાજ્ય બન્યું છે.

---

ગુજરાત સહિત દેશભરના અલગ અલગ બીજ તથા અન્યત્ર જગ્યા પર સ્વચ્છ ભારત અભિયાન હાલ પ્રગતિશીલ

# રાજ્યના બીચ પરથી ૫૧ હજાર કિલોથી વધુ ઘન કચરાનો નિકાલ

રાજકોટ, તા. ૨૩

'સેવા પર્વ -૨૦૨૫' અંતર્ગત 'આંતરરાષ્ટ્રીય દરિયાઈ સ્વચ્છતા દિવસે' કેન્દ્ર સરકારની નેશનલ કોસ્ટલ મિશન સ્કીમ હેઠળ ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન- GEMI દ્વારા વિવિધ સંસ્થા-વિભાગોના સંયુક્ત પ્રયાસોથી રાજ્યના અલગ અલગ ૧૦ બીચ પર 'સ્વચ્છતા અભિયાન' હાથ ધરાયું હતું. જેમાં વિવિધ સ્વયંસેવકો દ્વારા અંદાજે ૫૧,૫૪૧ કિલો ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.



દર વર્ષે ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં દરિયાકાંઠાને સ્વચ્છ અને કચરો મુક્ત રાખવા બાબતે જાગૃતિ લાવવાના હેતુ સાથે 'આંતરરાષ્ટ્રીય દરિયાઈ સ્વચ્છતા દિવસ' ઉજવવામાં આવે છે. દરિયા કિનારે આવેલા રાજ્યોમાં આ ઝુંબેશ દરિયાઈ જીવસૃષ્ટિ અને પર્યાવરણ તરફ વિશ્વનું ધ્યાન દોરીને તેના સંરક્ષણ અને સંવર્ધનના માર્ગને વધુ પ્રશસ્ત બનાવે છે.

વન,પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સ્વચ્છતા અભિયાનમાં ગુજરાતના કુલ ૧૦ બીચમાં ડુમ્મસ-સુરત, દાંડી, દ્વારકા, બેટ દ્વારકા, વેરાવળ ચોપાટી, પોરબંદર ચોપાટી, રાવલપીર-માંડવી, શિવરાજપુર, ઉમરગામ અને કોળીયાક- ભાવનગરનો સમાવેશ થાય છે. આ બીચ ખાતે વિવિધ સંસ્થાઓ જેમ કે ગેમી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, વન વિભાગ, કોસ્ટ ગાર્ડ, સ્થાનિક વહીવટી તંત્ર, નગરપાલિકાઓ, બિન-સરકારી સંસ્થાઓ, શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ-શિક્ષકો, ઔદ્યોગિક એકમો તેમજ સ્થાનિક નાગરિકો દ્વારા સક્રિય પણે ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાન થકી તમામ ૧૦ બીચ પરથી કુલ ૫૧,૫૪૧ કિલો ઘન કચરો એકત્ર કરી તેનો વિજ્ઞાનિક ઢબે યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

સફાઈ અભિયાન ઉપરાંત GEMI દ્વારા વિવિધ સ્થળોએ નુક્કડ નાટક, રેત શિલ્પ, ચિત્ર સ્પર્ધા દ્વારા પર્યાવરણ અંગે જાગૃતિ તેમજ દરેક બીચ ખાતે એક પેડ માં કે નામ'' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પણ હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સેવા પર્વ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સહિત દેશભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, આરોગ્ય તપાસ કેમ્પ તથા પર્યાવરણ જાગૃતિ જેવા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

---

# ગુજરાતના સોયાબીન, લીલા ચણા અને મગફળીની ખરીદીને કેન્દ્રની મંજૂરી

## કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણએ ૨૦૨૫- ૨૬ માટે ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં મુખ્ય કઠોળ અને તેલીબીયા પાકની ખરીદી માટે આપી લીલી ઝંડી

રાજકોટ, તા. ૨૩

કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખરીફ ૨૦૨૫-૨૬ માટે ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં મુખ્ય કઠોળ અને તેલીબિયાં પાકોની ખરીદીને મંજૂરી આપી છે. શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતો પાસેથી કાળા ચણા અને તુવેરની ૧૦૦% ખરીદીને મંજૂરી આપી છે, જ્યારે ઉત્તર પ્રદેશમાં લીલા ચણા, તલ અને મગફળી અને ગુજરાતમાં સોયાબીન, લીલા ચણા અને મગફળીની ખરીદીને પણ મંજૂરી આપી છે. શિવરાજ સિંહ ચૌહાણે આ રાજ્યોને ખેડૂતોના હિતમાં સમગ્ર ખરીદી પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે બંને રાજ્યોમાં ₹૧૩,૮૯૦.૬૦ કરોડના ઉત્પાદનની ખરીદીથી ખેડૂતોને ફાયદો થશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઈકાલે એક વર્ચ્યુઅલ બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેમાં ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રી સૂર્ય પ્રતાપ શાહી અને ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય કૃષિ સચિવ ડો. દેવેશ ચતુર્વેદી અને કેન્દ્ર અને બંને રાજ્ય સરકારોના વરિષ્ઠ કૃષિ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોના હિતમાં પારદર્શક, ડિજિટલ



અને સરળ ખરીદી પ્રક્રિયાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બંને રાજ્યોના કૃષિ મંત્રીઓ સંમત થયા હતા કે ખરીદી આધુનિક બાયોમેટ્રિક પ્રમાણીકરણ અને ક્યુજ સિસ્ટમ સાથે ડિજિટલ પોર્ટલ દ્વારા કરવામાં આવશે.

ઉત્તર પ્રદેશના પ્રસ્તાવ પર ચર્ચા કર્યા પછી, કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યમાં ₹૧,૭૭૭.૩૦ કરોડના મૂલ્યની ૨,૨૭,૮૬૦ મેટ્રિક ટન (૧૦૦%) અડદની ખરીદીને મંજૂરી આપી છે. શિવરાજ સિંહ ચૌહાણે કેન્દ્ર સરકારના ₹૯૧૦.૨૪ કરોડના મૂલ્યના ૧૧૩,૭૮૦ મેટ્રિક ટન તુવેરની ૧૦૦% ખરીદીને પણ મંજૂરી આપી છે. ₹૧૭.૩૮ કરોડના મૂલ્યના ૧૯૮૩ મેટ્રિક ટન મગની ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. વધુમાં, કેન્દ્રીય મંત્રીએ ₹૨૯૯.૪૨ કરોડના મૂલ્યના ૩૦,૪૧૦ મેટ્રિક ટન તલની ખરીદીને મંજૂરી આપી છે. તેમણે ₹૭૨૨.૨૨ કરોડના મૂલ્યના ૯૯,૪૩૮ મેટ્રિક ટન મગફળીની ખરીદીને પણ મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુજરાતમાં ખેડૂતો દ્વારા ઉત્પાદિત કુલ ૪૭૭૮૦ મેટ્રિક ટન અડદ (કાળા ચણા)ની ખરીદીને મંજૂરી આપી છે, જેની કિંમત ₹૩૭૨.૬૮ કરોડ છે. તેમણે ૫૮૫.૫૭ કરોડના ૧૦૯૯૦૫ મેટ્રિક ટન સોયાબીનની ખરીદીને પણ મંજૂરી આપી છે. કેન્દ્રીય કૃષિ મંત્રીએ ગુજરાતમાં ₹૯૧૬૭.૦૮ કરોડના ૧૨૬૨૧૬૩ મેટ્રિક ટન મગફળીની ખરીદીને મંજૂરી આપી છે. આ ઉપરાંત, શિવરાજ સિંહ ચૌહાણે ૩૮.૭૧ કરોડના ૪૪૧૫ મેટ્રિક ટન મગની ખરીદીને મંજૂરી આપી છે.

શિવરાજ સિંહ ચૌહાણે કોઈપણ અનિયમિતતા અટકાવવા માટે ખરીદી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ખાતરી કરવા અંગે જણાવ્યું કે ખરીદી ફક્ત સાચા ખેડૂતો પાસેથી જ કરવામાં આવે, જેથી મધ્યસ્થીઓ તેમનું શોષણ ન કરે. આ સંદર્ભમાં, એવો અહેવાલ આપવામાં આવ્યો હતો કે ખરીદી શરૂ થાય તે પહેલાં તમામ ખરીદી કેન્દ્રો પર આધાર-આધારિત બાયોમેટ્રિક/ફેસ ઓથેન્ટિકેશન અને ક્વ્રજ મશીનો (ઉત્તર પ્રદેશમાં આશરે ૩૫૦ અને ગુજરાતમાં ૪૦૦)ની તૈનાત કરવામાં આવશે. ખેડૂતોની પૂર્વ-નોંધણી કરવા માટે ગઅત્રઊિઉ અને NCCFને પત્રો મોકલવામાં આવ્યા છે. જેથી ફક્ત નોંધાયેલા ખેડૂતો જ ખજ્ઞ પર તેમની ઉપજ વેચી શકે. ખરીદી પ્રક્રિયા ઈ-સમૃદ્ધિ અને ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર સંપૂર્ણપણે ડિજિટલ હશે, જેનાથી બેંક ખાતાઓમાં સીધી ચુકવણી શક્ય બનશે.

---

# બેંગલુરુમાં ૨૫,૦૦૦ કોનોકાર્પસ કપાશે

## સુપ્રીમની સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટીની ચેતવણી : આ પ્રજાતિ માનવ સ્વાસ્થ્ય માટે ખતરો અને ઈકોસિસ્ટમને પહોચાડે છે નુકસાન

નવીદિલ્હી, તા. ૨૩

શહેરના હરિયાળા આવરણને વધારવાના પ્રયાસરૂપે, ભૂતપૂર્વ મ્યુનિસિપલ કોર્પોરેશન (BBMP) એ રસ્તાના કિનારે, મધ્યભાગમાં અને ખાલી પ્લોટમાં હજારો કોનોકાર્પસ ઈરેક્ટસના છોડ વાવ્યા હતા. છેલ્લા બે વર્ષમાં, આ ઝડપથી વિકસતા વૃક્ષો શહેરી પરિસ્થિતિઓને અનુરૂપ થયા છે અને ખીલ્યા છે. જોકે, તેમનું ભવિષ્ય હવે અંધકારમાં લટકતું રહે છે કારણ કે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) સુપ્રીમ કોર્ટની સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી (CEC) ની ચેતવણીને પગલે આદેશ જારી કરવાની તૈયારી કરી રહ્યું છે કે આ પ્રજાતિ માનવ સ્વાસ્થ્ય માટે ખતરો છે અને ઈકોસિસ્ટમને નુકસાન પહોંચાડે છે.

CECએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો અહેવાલ રજૂ કરતા પહેલા અનેક રાજ્યોની ફરિયાદોની સમીક્ષા કરી, સ્થળોની મુલાકાત લીધી અને ઈકોલોજીસ્ટની સલાહ લીધી. તેમાં કોનોકાર્પસ ''આક્રમક'' હોવાનું જણાયું, જે પરાગ ઉત્સર્જન દ્વારા શ્વસન સમસ્યાઓને વધારે છે અને ઈકોલોજીકલ અસંતુલનમાં ફાળો આપે છે. તેણે ભલામણ કરી હતી કે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તમામ રાજ્યોને તાત્કાલિક વધુ વૃક્ષારોપણ બંધ કરવા અને હાલના વૃક્ષોને મૂળ પ્રજાતિઓથી બદલવાનો નિર્દેશ આપે. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રાલયનો આદેશ ટૂંક સમયમાં અપેક્ષિત છે.

સત્તાવાર રેકોર્ડ દર્શાવે છે કે ઇઇખઙ એ શહેરના આઠ ઝોનમાં ૫,૦૦૦ થી વધુ કોનોકાર્પસના છોડ વાવ્યા હતા, જ્યારે NGO, નિવાસી કલ્યાણ



સંગઠનો અને નાગરિક જૂથોએ ૨૦,૦૦૦ થી વધુ છોડ વાવ્યા હતા. ''તેઓને મુખ્યત્વે મધ્ય અને રસ્તાના કિનારે પસંદ કરવામાં આવ્યા હતા કારણ કે તેઓ પ્રદૂષણ અને ઓછા પાણી પુરવઠાનો સામનો કરી શકે છે. ૯૫% થી વધુના જીવિત રહેવાના દર સાથે, ઘણા હવે ૧૦-૧૫ ફૂટ ઊંચા થઈ ગયા છે.

CEC એ સમજાવ્યું કે કોનોકાર્પસ સિંગાપોર અને મધ્ય પૂર્વ જેવા દેશોમાં પહેલાથી જ પ્રતિબંધિત છે. આ પ્રજાતિ, જેને ઘણીવાર 'લીલા રણ' તરીકે ઓળખવામાં આવે છે, તે જંતુઓ, પક્ષીઓ અથવા સસ્તન પ્રાણીઓ માટે કોઈ રહેઠાણ કે પોષણ પૂરું પાડતી નથી, આસપાસના વનસ્પતિના વિકાસને અટકાવે છે, અને તેની ઊંડા, આક્રમક મૂળ વ્યવસ્થા સાથે ભૂગર્ભજળને ઘટાડે છે. ઘણા રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓએ મૂળ ઘૂસણખોરીને કારણે માળખાગત સુવિધાઓને નુકસાનની જાણ પણ કરી છે.

ચિંતાઓને સ્વીકારતા, ગ્રેટર બેંગલુરુ ઓથોરિટીના ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ સુદર્શન જીકેએ જણાવ્યું હતું કે: ''સીઈસીના અવલોકનો સચોટ છે, અને મંત્રીના નિર્દેશને અનુસરીને અમે જૂન ૨૦૨૪ માં કોનોકાર્પસનું વાવેતર બંધ કરી દીધું છે. હવે પડકાર એ છે કે બીબીએમપી દ્વારા પહેલાથી જ વાવેલા ૫,૦૦૦ થી વધુ વૃક્ષો અને ખાનગી જૂથો દ્વારા વાવેલા હજારો વૃક્ષોનો સામનો કરવો. અમે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી સત્તાવાર સૂચનાઓની રાહ જોઈ રહ્યા છીએ. જો આને દૂર કરવાનો આદેશ આપવામાં આવે, તો અમે તેમને સ્થાનિક પ્રજાતિઓથી બદલવા માટે તૈયાર છીએ.

# ખોખડદળની પાંચ ટીપી મંજૂર

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની યોજાઈ ૧૭૮મી બોર્ડ બેઠકઃ રૂડા વિસ્તારના અનેકવિધ વિકાસ કામોને મળી બહાલી



રાજકોટ , તા. ૨૩

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ગઈકાલે ૧૭૮મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ગુજરાત નગર રચના તથા શહેરી વિકાસ અધિનિયમ હેઠળ રૂપનગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવા અર્થે મંજૂરી આપવામાં આવી હતી જેમાં મુસદ્દારૂપ ટીપી ૫૩ ખોખડદળ, સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૪ ખોખડદળ, સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૫ ખોખડદળ, સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૬ ખોખડદળ-વડાલી, સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૭ ખોખડદળ સત્તામંડળ વિસ્તારમાં સૂચિત કરાયેલ નગર રચના યોજના નં.૩૯(બેડી)ની નક્કી થયેલ હદમાં સુધારો કરવા મંજૂરી આપી.

રૂડા વિસ્તારમાં રીંગ રોડ-૨ ફેઝ-૫ (અમદાવાદ હાઈવે થી મોરબી રોડ) સુધીના આશરે ૧૦ કી.મી. સેકશનના બાંધકામ માટે રૂ. ૧૮૬.૯૬ કરોડની ગ્રાન્ટ મળેલ છે જેની કામગીરી હાથ ધરવાની મંજૂરી આપવામાં આવેલ. તો બીજી તરફ અમદાવાદ નેશનલ હાઈવે (કુવાડવાGIDC) થી કુવાડવાસરધાર રોડ(સ્ટેટ હાઈવે-૨૩) ના આશરે ૨.૪૩કી. મી. લંબાઈમાં આશરે રૂ.૧૬.૮૭ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવા મંજૂરી આપવામાં આવેલ.

આંતરમાળખાકિય સુવિધા અંતર્ગત DTP ૭૭ (વાજડીગઢ)માં ડામર રસ્તા બનાવવાની કામગીરી માટે રકમ રૂ.૧૦.૦૯ કરોડનાખર્ચનેબહાલી આપવામાં આવેલ છે. મહિકામાંડા ડુંગર વિસ્તારમાં સત્તામંડળ દ્વારા સરપંચ તથા ગ્રામજનો દ્વારા રસ્તો બનાવવા રજુઆતને ધ્યાને લઈ ૧.૬૦ કી.મી. લંબાઈમાં આશરે રૂ.૨.૪૨ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવા મંજૂરી આપવામાં આવેલ.

રીંગરોડ-૨, ફેઝ-૩ (ગોંડલ રોડ ટુ ભાવનગર રોડ)ના આશરે ૧૦.૫૦ કી.મી. લંબાઈમાં આશરે રૂ.૧૫ કરોડના ખર્ચે રીસર્ફેસીંગની કામગીરી કરવામાં આવશે. રૂડાવિસ્તારમાં SJMMSVY હેઠળ રૂ. ૩૧.૫૦ કરોડના ખર્ચે રોણકી DTP ૩૮/૨ અને રૂ. ૨૯.૦૩ કરોડના ખર્ચે કાંગશિયાળી ગામમાં-OG વિસ્તારમાં પાણી પુરવઠાની યોજના હાથ ધરવામાં આવશે. રૂડાવિસ્તારમાં આવતા ગામોમાં થતાં વિકાસને ધ્યાને લઈ ગામોમાં સ્ટ્રીટલાઈટની કામગીરી રૂ. ૩.૪૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

આ બોર્ડ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર, ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, રૂડાના સી.ઈ.એ. જી.વી.મીયાણી, કલેક્ટરના પ્રતિનિધિ તરીકે ડો.ચાંદની પરમાર, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા તથા છબઈના સીટી એન્જી. કે.કે. મહેતા હાજર રહેલ હતા.

# માત્ર નમૂના એકત્રિત કરવાથી કે તપાસ કરવાથી લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય તેવું નથી

## મનપાના આરોગ્ય વિભાગ ને જાગૃત નાગરિકોનો પ્રશ્ન, કેમ કોઈ નક્કર કામગીરી થતી નથી માત્ર દંડ વસૂલીને જ કેમ સંતોષ માની લેવામાં આવે છે



રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા FSW વાન સાથે શહેરના ડંઉખ કોલેજ સામે હોકર્સ ઝોન વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૧૬ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૫ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૧૬ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી. જેમાં જય બાલાજી દાળ પકવાન, સાઈ મદ્રાસ કાફે, સાઈ દાળ પકવાન, આશાપુરા દાળ પકવાન, તથા ફાઈસટાર ઘુઘરા ને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી તો બીજી તરફજય માતાજી છોલે ભટુરે , મારુતિ ઘૂઘરા , મારુતિ દાળપકવાન, બાલાજી મદ્રાસ કાફે, બાલાજી દાળપકવાન, મારુતિ ઈડલી સંભાર, અંબિકા દાળપકવાન, અન્ના મદ્રાસ કાફે, મહાદેવ દાળપકવાન, ભવાની દાળપકવાન, ટેસ્ટ કિંગ દાળપકવાનની ચકાસણી કરવામાં આવેલ. તો સામે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા છ અલગ અલગ ચીજ વસ્તુઓના નમુના પણ વિવિધ સ્થાનો પરથી લેવામાં આવ્યા હતા જેમાં વેણુ કાઉ દેશી બટર, વેણુ પ્યોર ઘી, ફ્રેશ હાઈ ફેટ પનીર, બટર ચીકન મસાલા, દાલ ફ્રાય સબ્જી તથા મિક્સ વેજીટેબલ સબ્જીનો નમુનો લેવામાં આવ્યો હતો.

આ પ્રક્રિયા તો આરોગ્ય વિભાગ દ્વારા જે હાથ ધરવામાં આવતી હોય છે તે ખૂબ રૂટીન પ્રક્રિયા છે અગાઉ પણ આ બાબતે જ ટકોર કરવામાં આવી હતી કે માત્ર ચકાસણી કરવાથી કે દંડ ફટકારવાથી વ્યાપારીઓમાં કોઈપણ પ્રકારનો સુધારો આવશે નહીં કારણકે આ એ લોકો છે કે જેને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવા ખૂબ ગમે છે ત્યારે ખરા અર્થમાં આરોગ્ય વિભાગ દ્વારા એવા નક્કર પગલા લેવા જોઈએ કે આવું હિન કૃત્ય કરતા વેપારીઓ એક વખત નહીં અનેક વખત વિચારે અને ખાસ તો લોકો ને સારી વસ્તુ આપવામાં આવે. આ તમામ બાબતોને ધ્યાને લઈ આગામી દિવસોમાં હવે આરોગ્ય વિભાગ શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું નમુના લેવાની કામગીરી તો છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહી છે પરંતુ તે નમૂનાનો રિપોર્ટ કેટલા સમયે આવે છે તે પણ એટલું જ મહત્વનું છે જ્યારે રિપોર્ટ આવે ત્યારે તે સમય પણ વયો ગયો હોય અને તે અરસામાં અનેકવિધ પ્રકારે જે તે વિક્રેતાએ પોતાનો વ્યવસાય અને વ્યાપાર પણ વધારી દીધો હોય.

હાલની આરોગ્ય વિભાગની કામગીરીને જો ધ્યાને લેવામાં આવે તો હાથમાં પકડાયેલો વાસી ખોરાક નષ્ટ થાય છે બાકી જવાબદારી તો સામાન્ય માણસની જ છે કે તેઓ તકેદારી પૂર્વક બહારના ખોરાકનું સેવન કરે. કારણ કે આરોગ્ય વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તેનાથી આજે પણ વ્યાપારીઓમાં ડરતો નથી જ એટલે તેઓ દંડ ભરી પોતાની પ્રવૃત્તિ યથાવત ચાલુ રાખતા હોય છે જે શંકા ઉદ્ભવે છે.

### સ્વચ્છોત્સવ અભિયાન અંતર્ગત કાલાવડ રોડ સ્થિત સ્વામીનારાયણ મંદિર પાસે પણ સાફ-સફાઈ

# કબા ગાંધીના ડેલા ખાતે સફાઈ ઝુંબેશ



રાજકોટ, તા. ૨૩

ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ૨-જી ઓક્ટોબરના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીને જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશનના ૧૧ મી વર્ષગાંઠની 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' ને ૩૧ મી ઓક્ટોબર,૨૦૨૫ સુધી સ્વચ્છોત્સ્વ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી શહેરના ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ, પ્રવાસન સ્થળો અને બાગ-બગીચાઓ, ઐતિહાસિક સ્થોળો, સાર્વજનિક/રાષ્ટ્રીય ઉધાનોન મુખ્ય માર્ગની સફાઈ, બજાર અને વાણિજ્ય વિસ્તારની સફાઈ, પબ્લિક ટોયલેટ તથા કોમ્યુનિટી ટોયલેટની સફાઈ માટે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત ગઈકાલે શહેરના ધાર્મિક સ્થળો, બાગ-બગીચા, પ્રવાસન સ્થળો, ઐતિહાસિક સ્થળો, પબ્લિક ટોયલેટ, કોમ્યુનિટી ટોયલેટ, જી.વી.પી. પોઈન્ટની સફાઈ દરમ્યાન ૪૧૫૦ સફાઈ કામદારો દ્વારા ૪૮ ટન કચરોનો નિકાલ કરી સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.

શહેરના ઐતિહાસિક સ્થોળો કબા ગાંધીનો ડેલા, ધર્મેન્દ્ર રોડ ખાતે રાજકોટ મહાનગરપાલિકા તથા જી.ટી.હાઈસ્કુલ ફોર ગર્લ્સ દ્વારા શ્રમદાન અને સઘન સફાઈ ઝુબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશમાં રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા તથા અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા તેમજ કાલાવડ રોડ ખાતે બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર, ધાર્મિક સ્થળ ખાતે રાજકોટ મહાનગરપાલિકા તથા બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરના પ્રતિનિધિ દ્વારા શ્રમદાન અને સઘન સફાઈ ઝુબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશમાં સ્થાનિક કોર્પોરેટરઓ, આગેવાનો તથા અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા.

જો આ અભિયાન માત્ર થોડા દિવસ પૂરતુજ સીમિત નહીં રહે તો ખરા અર્થમાં રાજકોટની કાયાપલટ થઈ શકશે પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે અત્યાર સુધી આ પ્રકારના તમામ આયોજનોમાં પદાધિકારીઓ માત્ર ફોટો પડાવી લેતા હોય છે અને જ્યાં સુધી અભિયાન ચલાવવામાં આવે ત્યાં સુધી તેની વાહ વાહ કરવામાં આવતી હોય છે પછી કોણ જાણે કેવી સફાઈ અને કેવું રાજકોટ જો આ સ્થિતિ પ્રવર્તિત થઈ તો આ અભિયાનનો પણ કોઈ અર્થ રહેશે નહીં.

# નિકાસ વધારવા ચેમ્બરના વડપણ હેઠળ સેમીનાર

## ડાયરેક્ટર જનરલ ફોરેન ટ્રેડ તથા ખૂબ મોટી સંખ્યામાં નિકાસકારો રહ્યા ઉપસ્થિત : અમેરિકા સાથે ચાલતા ટ્રેડ વોરમાં એક્સપોર્ટરોને ફાયદો મળે તેવી યોજનાની અમલવારી કરવા સરકારને માંગ




રાજકોટ, તા. ૨૩

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા FIEO-અમદાવાદ વેસ્ટર્ન રીજીઓનના સંયુક્ત ઉપક્રમે "Export Compliances and Strategies" અંગે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ સેમીનારમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ તથા જોઈન્ટ ડીજીએફટી રોહિત સોની પણ હાજર રહી નિકાસકારોને માર્ગદર્શન આપ્યું હતું.

સરકાર દ્વારા ખજખઊ ને વધુ વેગ મળે તે માટે હર હંમેશા તત્પર છે ત્યારે દેશના અર્થતંત્રને ઉચાઈએ લઈ જવામાં નિકાસકારોનો ખુબ જ મહત્વનો સિંહફાળો છે. આમ રાજકોટ ચેમ્બર દ્વારા નિકાસકારોને મુંઝવતા પ્રશ્નો અને તેના યોગ્ય નિરાકરણ માટે આ સેમીનારનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. ત્યારબાદ રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓના કન્વીનર પાર્થભાઈ ગણાત્રાએ જણાવેલ કે, રાજકોટ ચેમ્બર વેપાર-ઉદ્યોગકારોના પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા અગ્રેસર રહે છે.

હાલ અમેરીકા સાથે ચાલી રહેલ ટેરીફ વોરમાં નિકાસકારોને રાહત આપવા અને વિવિધ સ્કીમો અમલમાં મુકવા તેમજ ઈન્ટરેસ્ટ ઈકવીલાઈઝેશન સ્કીમ જે ડિસેમ્બર ૨૦૨૪ થી બંધ થઈ ગઈ છે તેના લાભો જાન્યુઆરી ૨૦૨૫ થી આપવા પણ રજુઆત કરેલ છે. તેમજ રાજકોટ જોઈન્ટ ડિજીએફટી રોહિત સોનીએ આયાત-નિકાસમાં કોઈપણ સમસ્યા પડી રહી હોય તો ડીજીએફટી ઓફિસનો સંપર્ક કરવા અનુરોષ કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહએ સેમીનારમાં આમંત્રીત કરવા અને નિકાસકારોને મળવાની તક મળી તે બદલ આભાર સાથે આનંદની લાગણી વ્યકત કરીને સમગ્ર વિશ્વમાં રાજકોટની પ્રોડક્ટસ સપ્લાય થાય છે અને રાજકોટએ આજે જે ઉચાઈ સર કરી છે તેમાં નિકાસકારોનો સિંહફાળો છે. ત્યારે કોઈપણ મુશ્કેલી હોય તો ધ્યાન દોરવું તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું.

સેમીનારના મુખ્ય વકતાથી મિહીરભાઈ શાહએ નિકાસકારોને પોતાના બિઝનેશને વધુ ડેવલોપ કરવા અને નિકાસની તકો વધારવા માટે વિવિધ મુદાઓ જેવા કે, ફોરેન ટ્રેડ પોલીસી, ઓનલાઈન e-RCMC, સ્ટેટસ હોલ્ડર સર્ટીફિકેટ, એડવાન્સ ઓથો રાઈઝેશન, ડયુટી ફ્રી ઈમ્પોર્ટ ઓથોરાઈઝેશન, RoDTEP/RoSCTL પ્રોસીઝર, EPCG સ્કીમ, e-BRC, એક્ઝીબીશન અને ટ્રેડ ફેર, ICEGATE પોસીઝર, એકસચેન્જ રેટ ઓટોમેશન મોડયુલ, શીપીંગબીલ અપડેટ, વિવિધ દેશો સાથે થયેલ ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ, EDPMS/IDPMS, GST માં આવેલ તાજેતરના અપડેટ જેવી બાબતો ઉપર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. ત્યારબાદ નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર આપવામાં આવ્યો હતો.

# જીલ્લામાં હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૬૭ હજારથી વધુ લોકોની ચકાસણી

## ૪૭ બ્લડ ડોનેશન કેમ્પમાં ૨,૩૮૯ બોટલ રક્ત એકત્રિત કરાયું
## ૨ ઓક્ટોબર સુધી યથાવત ચાલશે મેડિકલ તથા બ્લડ ડોનેશન કેમ્પ

રાજકોટ, તા. ૨૩

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માતા અને બાળકના આરોગ્યને મજબૂત બનાવવા માટે અનેક કલ્યાણકારી કાર્યક્રમો અમલમાં મુકાયા છે. જેના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મ દિવસથી ૨ ઓક્ટોબર દરમ્યાન રાજ્યભરમાં સ્વસ્થ નારી સશક્ત પરિવાર પખવાડિયું ઉજવવામાં આવી રહ્યુ છે.

આ અભિયાન અંતર્ગત મહિલાઓ અને બાળકોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ તેમજ રસીકરણ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજકોટ જીલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શનમાં આરોગ્ય અધિકારી ફુલમાળીના નેતૃત્વમાં તમામ ૧૨ સામુહીક આરોગ્ય કેંદ્ર, ૫૫ પ્રાથમિક કેંદ્ર, ૧૨ અર્બન આરોગ્ય કેંદ્ર, ૨૯૩ આયુષ્માન આરોગ્ય મંદીર ખાતે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવેલું છે.

સામુહીક આરોગ્ય કેંદ્રના કેમ્પમાં સ્પેસ્યાલીસ્ટ સેવાઓ આપવામાં આવી રહી છે. જેમાં ગાયનેક, પીડીયાટ્રીશન, આંખ કાન ગળાના સર્જન તથા અન્ય તબીબો દ્વારા સેવાઓ આપવામાં આવી રહી છે. પ્રાથમિક આરોગ્ય કેંદ્ર અને અર્બન આરોગ્ય કેંદ્રના કેમ્પમાં (IMA) ઈન્ડીયન મેડીકલ એશોશીએશન, PMJAY માન્ય હોસ્પિટલના ડોકટરો, સી.એમ.સેતુ, (IAP) એસોસીએશન ઓફ પીડીયાટ્રીશયન ડોકટરો દ્વારા સેવાઓ આપવામાં આવી રહી છે. જ્યારે (AAM) આયુષ્માન આરોગ્ય મંદીર ખાતે પ્રાથમિક આરોગ્ય કેંદ્રના ડોકટરો અને તેની ટીમ દ્વારા સેવા આપવામાં આવી રહી છે.

રાજકોટ જિલ્લા અને શહેરમાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને જિલ્લા તેમજ તાલુકાના પદાધીકારીઓના સહયોગ દ્વારા આયોજિત કુલ ૪૭ કેમ્પ કરવામાં આવેલ જેમાં ૯ બ્લડ બેંકો દ્વારા ૨૩૮૯ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. હજુ તા ૦૨.૧૦.૨૫ સુધી જુદા જુદા સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ છે. આ અભિયાન હેઠળ ૧૮૧૨ જેટલા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૯૮ સ્પેશિયાલિસ્ટ તબીબો દ્વારા તપાસ કરવામાં આવી હતી મળતી માહિતી મુજબ આ અભિયાનનો લાભ ૨૮,૦૦૦ થી વધુ પુરુષો તથા ૩૮,૦૦૦ થી વધુ મહિલાઓએ લીધો હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# રાજકીય રાસોત્સવ

## નવા સમીકરણો સેટ થવા લાગ્યા : લોકોને રીઝવવા દોટ




નવરાત્રિની જમાવટ થતી જાય છે. આ સમયે રાજકીય રાસોત્સવની પણ ધૂમ મચી છે. ગુજરાતની રાજનીતિ અચાનક ગરમ થઇ છે. રાહુલ ગાંધીથી માંડીને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓના ગુજરાત પ્રવાસ અને કેજરીવાલ, સંજયસિંહની સભાઓ બાદ શાસક ભાજપ એલર્ટ બની ગયો છે. નરેન્દ્રભાઇ મોદી, અમિતભાઇ શાહે ગૃહરાજ્યનો પ્રવાસ કરીને કાર્યક્રમો-બેઠકો યોજી હતી.

આ બધું દર્શાવે છે કે, ગુજરાતમાં નવા રાજકીય સમીકરણો સેટ થઇ રહ્યા છે. મુખ્યમંત્રી પણ દિલ્હીમાં વડાપ્રધાન સાથે બેઠક કરી રહ્યા છે. ભાજપના સંગઠન અને સરકારમાં મોટા પરિવર્તનના સંકેત મળે છે.

ગુજરાતમાં અધિકારીવર્ગની મનમાની અને શંકાસ્પદ સક્રિયતા લાંબાગાળાથી ચર્ચામાં છે. તંત્રના પાપે શાસકો પ્રત્યે લોકોની સ્પષ્ટ નારાજગી નજરે પડે છે. કાયદો-વ્યવસ્થાની દ્રષ્ટિએ ગુજરાતમાં ફેરવિચારણા અનિવાર્ય બની છે. ભાજપના સંગઠન તથા સરકારમાં લાંબાગાળાથી ફેરફારના નિર્ણયો પેન્ડિંગ છે.

આ સ્થિતિના લાભ લેવા વિપક્ષ રાષ્ટ્રીયસ્તરેથી જ ગુજરાતમાં સક્રિય થઇ ગયો છે. આ ગાળા દરમિયાન વિસાવદર ધારાસભાની બેઠક પર આમ આદમી પાર્ટીને વિજય થતાં મામલો વધારે ગરમ થયો હતો. સ્થિતિને કાબુ કરવા ભાજપે ક્રાંતિકારી નિર્ણયો કરવા પડે તેમ છે.

જો કે, રાજકીય સમીક્ષકો મોટાભાગના એવું માને છે કે, ભાજપમાં નવા સમીકરણો સેટ થઇ રહ્યા છે. તેમાં જ્ઞાતિવાદ પર વધારે ભાર મુકાઇ રહ્યો છે. જ્ઞાતિવાદ રાજનીતિમાં વજનદાર સમીકરણ છે જ. પરંતુ, વર્તમાન સ્થિતિમાં શાસનની આક્રમકતા અનિવાર્ય દેખાઇ રહી છે. લોકોને સીધી અસર કરે તેવી આક્રમક નેતાગીરીથી ભાજપની આભા બદલી શકે છે.

જો કે, સમીક્ષકો એવું પણ કહે છે કે, ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ માટે વિપક્ષ જ આશીર્વાદરૂપ બની રહ્યો છે. વર્તમાનમાં પણ વિપક્ષના સમીકરણો શાસકો માટે અનુકૂળ હોય તેમ લાગે છે. વ્યાપકપણે લોકોની નારાજગી છે. વિપક્ષ જોર પણ દેખાડે છે. પરંતુ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બન્ને વચ્ચે જ ફાઇટ જામી છે. બન્ને એકબીજાને પાડી દેવા મેદાનમાં છે. આ ટક્કરના કારણે શાસન વિરોધી મતો વેરવીખેર થઇ શકે અને ભાજપને સીધો લાભ મળી શકે છે.

મુખ્ય બાબત લોકહિતની છે. ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાથી માંડીને વિવિધ ક્ષેત્રોમાં લોકોના કલ્યાણ થાય તેવી આક્રમકતા ભાજપ દેખાડે તે જરૂરી છે. રાજકીય કાવાદાવા કરતા લોકોનો પ્રેમ જીતવો સરળ છે.



# પાકિસ્તાન માટે ભારતની એરસ્પેસ બંધ

## NOTAM જારી કરી સરકારે લીધો નિર્ણય : ૨૪ ઓક્ટોબર સુધી પ્રતિબંધ લાદ્યો

નવીદિલ્હી, તા. ૨૩

ભારત અને પાકિસ્તાન વચ્ચે હવાઈ ક્ષેત્રનો વિવાદ વધતો જ રહ્યો છે. સોમવારે ભારતે પાકિસ્તાની એરલાઈન્સ અને વિમાનોને તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવા પરનો પ્રતિબંધ એક મહિના માટે લંબાવ્યો. આ પ્રતિબંધ હવે ૨૪ ઓક્ટોબરના રોજ સવારે ૫:૨૯ વાગ્યા સુધી અમલમાં રહેશે. ભારતના ઉડ્ડયન સત્તાવાળાએ એરમેનને નવી નોટિસ (ગઘઝઅખ) જારી કરીને આ નિર્ણય લીધો હતો. પાકિસ્તાને અગાઉ બે દિવસ પહેલા ભારતીય વિમાનો અને એરલાઈન્સ માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાન તરફથી આ નવું ગઘઝઅખ ૨૪ ઓક્ટોબરની તારીખ અને સમય સુધી પણ અમલમાં છે. આમ, બંને દેશો વચ્ચે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ હવે સતત છઠ્ઠા મહિનામાં પ્રવેશી ગયો છે.

એપ્રિલમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે તણાવ વધુ ઘેરો બન્યો. આ પછી, પાકિસ્તાને ૨૪ એપ્રિલે અચાનક પગલું ભર્યું, ભારતીય વિમાનો અને એરલાઈન્સને તેના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો. શરૂઆતમાં, આ પ્રતિબંધ ફક્ત એક મહિના માટે હતો. ભારતે 30 એપ્રિલે પાકિસ્તાની વિમાનો અને એરલાઈન્સ, જેમાં લશ્કરી ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે, માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરીને બદલો લીધો. ત્યારથી, બંને દેશો દર મહિને નવા ગઘઝઅખ જારી કરીને આ પ્રતિબંધ લંબાવી રહ્યા છે. એ નોંધવું જોઈએ કે ભારત અને પાકિસ્તાને ફક્ત એકબીજાના વિમાનો અને એરલાઈન્સ પર જ આ પ્રતિબંધ લાદ્યો છે. તેમનું હવાઈ ક્ષેત્ર અન્ય એરલાઈન્સ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે ખુલ્લું રહે છે. આનો અર્થ એ છે કે વિદેશી વિમાનો બંને દેશોના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરી શકે છે, પરંતુ ભારતીય અને પાકિસ્તાની વિમાનોને એકબીજાના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થવાની મંજૂરી નથી.

લાંબા ગાળાના હવાઈ ક્ષેત્ર પ્રતિબંધો ફક્ત એરલાઈન્સના સંચાલન ખર્ચમાં વધારો કરતા નથી પરંતુ લાંબા અંતરની ફ્લાઈટ્સ પર મુસાફરોને પણ અસુવિધા પહોંચાડે છે. હાલમાં, ભારત અને પાકિસ્તાન બંને તરફથી નવીનતમ ગઘઝઅખ માટેની અંતિમ તારીખ ૨૪ ઓક્ટોબર સવારે ૫:૨૯ વાગ્યે નક્કી કરવામાં આવી છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન એકબીજાના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરી રહ્યા નથી. બંને દેશો સમયાંતરે ગઘઝઅખ (એરમેનને સૂચના) લંબાવી રહ્યા છે. આ પ્રતિબંધ હવે સતત છઠ્ઠા મહિનાથી લાગુ કરવામાં આવ્યો છે.

# અમેરિકાને જ નુકસાન ન પહોંચે! : થરૂર

## H-1B વિઝા માટેની વધેલી ફી અંગે કોંગ્રેસના સાંસદ શશી થરૂરે કહ્યું, મને આ યોજના સમજાતી નથી કે તે કામ કરશે કે નહીં

નવીદિલ્હી, તા. ૨૩

અન્ય દેશોમાંથી અમેરિકામાં કામ કરવા આવતા લોકો માટે જરૂરી H-1B વિઝા માટેની વધેલી ફી અંગે કોંગ્રેસના સાંસદ શશી થરૂરે કહ્યું, ‘‘મને આ યોજના સમજાતી નથી કે તે કામ કરશે કે નહીં.‘‘ થરૂરે કહ્યું કે ટ્રમ્પ અને તેમના સમર્થકો માને છે કે ઓછા પગાર પર અમેરિકામાં કામ કરવા ઈચ્છુક ભારતીયો અમેરિકન નોકરીઓ છીનવી રહ્યા છે.

શશી થરૂરે કહ્યું કે ટ્રમ્પ માને છે કે આવું ન થવું જોઈએ અને અમેરિકનોને વધુ પગાર ચૂકવવો જોઈએ. તેથી, તેમણે કહ્યું કે ટ્રમ્પે H-1B વિઝા ફી વધારીને ૧૦૦,૦૦૦ કરીને ઓછા પગાર માટે અમેરિકામાં સ્થળાંતર કરનારાઓની નોકરીઓને સંપૂર્ણપણે ખતમ કરવા માટે આ નિર્ણય લીધો છે. થરૂરે કહ્યું કે ટ્રમ્પનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે ફક્ત શ્રેષ્ઠ અને સૌથી વધુ જરૂરી લોકો જ ત્યાં કામ કરવા જઈ શકે. તેમનું માનવું છે કે ઘણી કંપનીઓ ભારત જેવા દેશોમાં નોકરીઓ મોકલશે



(આઉટસોર્સિંગ), જે અમેરિકા માટે હાનિકારક હોઈ શકે છે. આ સંપૂર્ણપણે ટ્રમ્પના ઘરેલુ રાજકારણ સાથે જોડાયેલું છે.

શશિ થરૂરે બીજા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે H-1B વિઝામાં વધારો નોંધપાત્ર છે, અને તેના કારણે હજારો લાયક ભારતીયો અમેરિકામાં કામ કરી રહ્યા છે, તે ત્રીજો ફટકો ગણી શકાય, પરંતુ વાસ્તવમાં, તે લાંબા ગાળે ભારત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. બીજા એક ઈન્ટરવ્યુમાં, તેમણે કહ્યું કે આપણે H-1B મુદ્દા પર નિરાશ ન થવું જોઈએ. તેમનું માનવું છે કે આ ખરેખર એક એવો આંચકો છે જેની અપેક્ષા નહોતી. જ્યારે તે ટૂંકા ગાળામાં વ્યક્તિઓ અને કંપનીઓને નુકસાન પહોંચાડી શકે છે, ત્યારે સમય જતાં તેના ઘણા પ્રતિકૂળ પગલાં લેવામાં આવી શકે છે. તેમણે ટ્રમ્પના નિર્ણયથી સતત પીડિત રહેવાનું ટાળવા માટે અમને વિનંતી કરી.

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે જણાવ્યું હતું કે આ નિર્ણય ભવિષ્યમાં અમેરિકાને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે, કારણ કે અન્ય દેશોની ઘણી કંપનીઓ ભારતમાં નોકરીઓ આઉટસોર્સ કરશે. તેમણે કહ્યું કે અમેરિકનોને લાગે છે કે ભારતીયો તેમના નાગરિકો માટે ઓછી નોકરીઓ આપી રહ્યા છે. ટ્રમ્પનો નિર્ણય સંપૂર્ણપણે સ્થાનિક રાજકારણ સાથે જોડાયેલો છે.

# ૭ દી’ ઉત્તરાખંડ માટે અતિ ભારે

## હવામાન વિભાગે ૨૪ થી 30 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં ભારે વરસાદની આપી ચેતવણી

નવીદિલ્હી, તા. ૨૩

ઉત્તરાખંડમાં ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનથી થયેલા વિનાશ બાદ સ્વચ્છ હવામાનને કારણે લોકોને થોડી રાહત મળી છે. જોકે, રાજ્ય હવે ભારે વરસાદના વધુ એક ભયનો સામનો કરી રહ્યું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ૨૩ થી 30 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. રાજ્ય સરકારે વહીવટીતંત્રને સતર્ક રહેવા તાકીદ કરી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ તમામ સંબંધિત વિભાગોને તૈયાર રહેવા નિર્દેશ આપ્યો છે. હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડો. સીએસ તોમરે જણાવ્યું હતું કે સોમવારે રાજ્યના પહાડી જિલ્લાઓમાં હળવો વરસાદ પડ્યો હતો, જ્યારે દેહરાદૂન જેવા મેદાની વિસ્તારોમાં શુષ્ક હવામાન રહ્યું હતું, જેના કારણે ભેજવાળું વાતાવરણ રહ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે ૨૩ સપ્ટેમ્બરથી ફરી ભારે વરસાદની અપેક્ષા છે. 30 સપ્ટેમ્બર સુધી વરસાદની અપેક્ષા છે. ૨૫ સપ્ટેમ્બરની આસપાસ બંગાળની ખાડીમાં એક નવો લો-પ્રેશર વિસ્તાર બનવાની અપેક્ષા છે. તે થોડા દિવસોમાં ઓડિશા, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢમાં ફેલાઈ શકે છે, જેનાથી આ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.



આ સિસ્ટમને કારણે, પશ્ચિમી પવનો પાછા ફરશે, અને મહિનાના અંત સુધીમાં બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશના મેદાની વિસ્તારોમાં વરસાદ ફરી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તરપશ્ચિમ ભારતના પર્વતીય રાજ્યોમાં હવામાન શુષ્ક રહેશે. દક્ષિણપશ્ચિમ ચોમાસું હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગોમાં પાછું ફરવાની ધારણા છે, પરંતુ ભેજ સામાન્ય કરતા ઓછો હોવાથી વરસાદ ઓછો થશે. દરમિયાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાંથી ચોમાસું સંપૂર્ણપણે પાછું ખેંચી લેવાનું નક્કી છે.

ઉત્તરાખંડ ઉપરાંત, અન્ય રાજ્યોમાં પણ ભારે વરસાદની અપેક્ષા છે. ૨૫ સપ્ટેમ્બરની આસપાસ બંગાળની ખાડીમાં એક નવો લો-પ્રેશર વિસ્તાર બની શકે છે. તેની અસરો ઓડિશા, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢમાં અનુભવાઈ શકે છે. આ પછી, બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશના મેદાની વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી શકે છે. રાજ્ય સરકારે વહીવટીતંત્રને કટોકટીનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર રહેવા અપીલ કરી છે. તમામ બચાવ કામગીરી માટે સંસાધનો સુનિશ્ચિત કરવામાં આવ્યા છે, અને જાહેર સલામતી માટે તમામ સાવચેતી રાખવા સૂચનાઓ આપવામાં આવી છે. ઉત્તરાખંડના પર્વતીય જિલ્લાઓમાં ભારે વરસાદની અસર વધુ સ્પષ્ટ થઈ શકે છે. હવામાન વિભાગ જણાવે છે કે આ વિસ્તારોમાં ભૂસ્ખલન અને વાદળ ફાટવાના કારણે નુકસાન થવાની શક્યતા છે. તેથી, વહીવટીતંત્રને વધુ સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગે એમ પણ જણાવ્યું હતું કે રાજ્યમાં હળવો વરસાદ પડવા છતાં, આગામી થોડા દિવસોમાં તાપમાનમાં વધારો થઈ શકે છે, જેનાથી ભેજ વધી શકે છે. રાજ્ય સરકારે કોઈપણ અણધારી પરિસ્થિતિનો સામનો કરવા માટે સમયસર જરૂરી પગલાં લેવાનું વચન આપ્યું છે.




શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### શાંતિ એ આપણો શાશ્વત સ્વભાવ છે, પણ એ પવિત્રતા વગર પ્રાપ્ત થતી નથી



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વિદેશની ધરતી પર ૭૬ મો પ્રજાસત્તાક દિન ઉજવ્યો, જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હે બસેરા યે ભારત દેશ હૈં મેરા! તેમજ મેરા રંગ દે બસંતી ચોલા, એ ગીત સાંભળીને, મેરા ભારત મહાન એ ઉક્તિ ખરેખર વિદેશમાં અને ત્યાં જે લાગણી અનુભવાય એ કંઈક અલગ જ હોય, રાષ્ટ્ર ગીત ગાતાં ગાતાં આંખો ભીની થઈ ગઈ. એટલે જ કહેવાયું છે કે માતૃભૂમિ માતૃભાષા અને માતા પિતાનું મૂલ્ય એનાથી દૂર જવાથી જ થાય છે. લગભગ ૨૦૦ જણાં હતાં, બધાં જ યંગ, વયસ્કમાં તો લગભગ અમે બે જ! પણ આપણા જેવી સંસ્કૃતિ જેવી સંસ્કૃતિ વિશ્વમાં કદાચ ક્યાંય નહીં હોય એવું અહીં આવતા અનુભવાયું, જર્મન પ્રજા પ્રમાણમાં ઓછી ફ્રેન્ડલી છે, અને સામાન્ય રીતે એકબીજા સામે હસતા પણ નથી, જ્યારે આપણે તો હસવું, બોલવું, મસ્તી મજાક એ બધું જ સહજ. પણ છતાં દેશના આર્થિક તંત્રને મજબૂત બનાવવા પોતાની પ્રોડક્ટનો જ ઉપયોગ કરે છે, જે આપણે શીખવા જેવું છે. ૧૪૦ કરોડ માંથી ૪૦ કરોડ લોકો જો સ્વદેશીનો સંકલ્પ લે તો આપણું અર્થ તંત્ર મજબૂત બને, બાકી તો એક યુરોના ૯૦ દેવાં પડે. ટેકનોલોજીની રીતે ભારતમાં પણ આજકાલ માનવ યાંત્રિક બનતો જાય છે! એટલે કે વિજ્ઞાનના વિકાસને કારણે, કેટલીય પ્રકારની યાંત્રિક શક્તિ માનવીની જરૂરિયાત બની ગઈ છે, અને સુખ સુવિધા માટેનાં અધ્યતન સાધનો બજારમાં ઉપલબ્ધ છે, અને એ પણ લોનથી, એટલે કહેવું શું! જો વિદેશી કંપનીનો માલ ખરીદ્યો હોય તો આ બધાં જ નાણાં વિદેશમાં ઠલવાય! વધતી જતી યાંત્રિક જરુરીયાત પર કાપ મુકવા માટે એક જ મંત્ર યાદ રાખવો કે યંત્ર આપણને સુખ આપી શકે શાંતિ નહીં ! કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને કોઈને કોઈનાં સાથ સહકારની નિતાંત જરૂર પડે જ છે. માટે શાંતિ માટે આપણે સુખનાં ડાયરામાંથી બહાર પગ મૂકવો જ પડે! તો જ મળે! પણ આપણે છીએ કે એવું કરી શકતાં નથી, અને સુખનું બહુવચન શાંતિ હોય, એમ વધુને વધુ સુખ માટે સતત ભટકતાં રહીએ છીએ. જેમ તનની શક્તિ માટે આહાર જરૂરી છે, એ જ રીતે મનનો આહાર માનવીને ખુશ રાખી શકે! આપણને સવાલ થાય કે મનનો આહાર શું હોય શકે! મનનો આહાર એટલે મનોરંજન! મનને ગમતી ક્રિયા એ મનનો આહાર છે! પણ આ મનોરંજનનું સાધન આપણાં એકની ખુશીને લઈ ને હોય તો પણ, અન્યને નુકસાન કર્તા તો ન જ હોવું જોઈએ! આપણી ખુશી અન્યના ગમ કે દુઃખનું કારણ બનતું નથી ને ! જે જોવું હવે નિરર્થક હોય એમ કોઈ જોતું નથી, અને માટે ખુશી લાંબો સમય ટકતી નથી, અથવા તો ખુશીમાં પણ બેચીની એટલે કે અશાંતિ પડઘાતી હોય એવું લાગે છે, કે પછી લાખ સુખો ભોગવવા છતાં અસંતોષ રહે છે. કોઈની આહ નીકળવી કે આંસુ સરવા આ બંને હિંસા છે, અને એટલે શાંતિ પહેલા અહિંસાને આજીવન વ્રત બનાવવું પડે, અને પેટા પગથિયાં રૂપે આપણે તેને આત્મસાત કરીએ તો શાંતિ મળે.

અહિંસાનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે. કારણ કે પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે. સામાન્ય એટલે કે સરળ ભાષામાં કહીએ તો જે હિંસક નથી, તે ભાવ એટલે અહિંસા. બાકી અન્ય જીવ શ્રેણીમાં જોઈએ તો ઉપભોગ અને ઉપભોક્તાની આ સાયકલમાં કોઈનાં જીવન માટે કોઈનું મૃત્યુ નિશ્ચિત છે. પણ માનવી માટે હિંસા એટલે પ્રતાડિત કરવું, કોઈને હેરાન કરવું, કે પરેશાન કરવું. હિંસાનો અર્થ હત્યા કે મારી નાખવા પુરતો સિમિત ન રહે, તો જ અહિંસાના ભાવ સુધી પહોંચાય. કારણકે મારવાં કરતાં પણ કોઈના દિલને દુઃખી કરવું એ મૂળ હિંસા છે. પૃથ્વી પર ૮૪ લાખ યોની અસ્તિત્વ ધરાવે છે, અને એ દરેકનું આયુષ્ય નક્કી જ હોય છે. એટલે હવામાં રહેલા જંતુઓ તો આપણા શ્વાસોશ્વાસની ક્રિયાથી પણ મારતા હોય છે, તો શું આપણે શ્વાસ લેવા બંધ કરી દેવા! વગર કારણે કોઈને પણ હેરાન ન કરવા, પરેશાન ન કરવા, કે ન મારવા એ અહિંસાનો મૂળ ભાવ છે. પોતાની શક્તિ બતાડી શકતા ન્હોય, એ રીતે નાના જીવને ક્રૂરતાથી મારીને વિકૃત આનંદ લેતા હોય તો એ હિંસાનો ભાવ છે.

શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિ થી બચી શકાય, અને એ રીતે શાંતિ. વિદ્યા એટલે કે અહંકાર શૂન્ય થઇ જ્ઞાનની ગરિમા જળવાય તો મનુષ્ય જીવનનું મહત્વ સમજાય, અને પોતાની લાક્ષણિકતા માટે તત્વતઃ ઈશ્વર તરફ આભાર વ્યક્ત થાય, કે પછી કંઈક વિશેષ મળવાથી ખુશ પણ થાય. સૌ સમાનની સમજ સંવેદના અને મૈત્રી ભાવને કારણે સૌ સાથે જોડાય અને એ રીતે સાથ સહકારથી ખુશી બેવડાય છે.

અહીં કર્તા હર્તા ને સમાહર્તા ઈશ્વર છે એ જ્ઞાન સૌને ક્ષમા કરવાની ઉદારતા બતાવે, અને પોતાની ભૂલ વખતે ક્ષમા માંગવાની પણ તૈયારી બતાવી સૌનાં દિલમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરે છે. આમ હ્રદયમાં ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ ભક્ત ને ભક્તિની શક્તિ પ્રદાન કરે છે, અને ધીરે ધીરે ઉદારતા, દયાળું, માયાળુ, પ્રેમાળ, અને કરુણાનાં ભાવોથી હ્રદય ભરાય જાય છે, જ્યાં હિંસાનો ભાવ સાવ નાબૂદ થઈ જાય છે, અને હવે સ્વભાવમાં જે જવલ્લે જ જોવા મળતા હતાં, એ આક્રમકતા, ક્રૌધ, કામ, વાસના, જેવા તમામ દૂષણોનું નિવારણ થતાં જીવ શાંત થાય છે. આમ એક એક પગથિયે ૧૦% ૧૦% શાંતિ મેળવતા મેળવતા ૧૦૦% શાંતિ સુધી પહોંચાય છે, આમાં કોઈ શોર્ટકટ નથી! હાં સદગુરુ શરણે જઈને, જેવા છીએ એવા આત્મનિવેદન કરીએ તો કંઈ પણ કર્યા વગર માત્ર સદગુરુના વચનો પર ભરોસો રાખીને શક્તિથી શાંતિ સુધીના દરેક શક્તિ કવચે પહોંચી શકાય છે. સુખ નહીં પણ શાંતિ સુધી પહોંચવું હોય તો આપણી પાસે બે જ માર્ગ છે! એક ક્રમશઃ પગથિયાં ચડીએ! અને બીજું ક્યાંય પણ ગયા વગર સદગુરુ ચરણે મૌન થઈ બેસી જઈએ તો પહોંચી શકાય.

ગીતામાં કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણ માર્ગ બતાવ્યાં છે! પણ સ્વાર્થ છૂટે તો પરમાર્થ થાય ! બાકી બધું થાય તો પણ એ દેખાડો, એટલે કર્મ એટલું થતું નથી. સંસારી જીવ જ્ઞાન માટે વ્રત સંયમ નિયમ એ બધું કેટલું પાળી શકે? એટલે સાચું જ્ઞાન પણ ક્યાંથી મળે? ભક્તિ, હરપળ ઈશ્વર વિશે શંકા કરતો જીવ ભરોસો ક્યાંથી કરી શકે! એમાં કળિયુગમાં ધર્મ સંપ્રદાયનો ઉપદ્રવ વધ્યો છે, એટલે ધર્મ પણ સાચું સમજાવી ન શકે! પણ કપડું જેમ વધુ ગંદું હોય એટલું એને વધું ઘસીને સાફ કરવું પડે એ રીતે અંતરનું પોત જેટલું ચોખ્ખું એટલી પ્રસન્નતા અને શાંતિ વધુ! એટલે ઈર્ષા, નિંદા, અહમ આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા, લોભ લાલચ હિંસા જેવા મલિન ભાવથી દૂર રહીએ, તો અંતર પવિત્ર રહે અને પ્રસન્નતા કે નિત્ય શાંતિ માટેની પહેલી શરત પવિત્રતા છે, એ સૂત્રનો યથાર્થ પ્રયોગ કરી શાંતિ કે જે આપણો શાશ્વત સ્વભાવ છે એને સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# ‘મહાનતાના ભ્રમ’ની બિમારી બની જીવલેણ

## કલકી અવતાર માનતા રમેશચંદ્ર ફેકરના આપઘાતનો કિસ્સો ચોંકાવનારો



રાજકોટ, તા. ૨૩
હાલમાં જ રાજકોટમાં પોતાને કલ્કી અવતાર માનતા રમેશચંદ્ર ફેકરના આપઘાતનો કિસ્સો સામે આવ્યો છે, જે ‘મહાનતાના ભ્રમ’ (delusion of grandeur) તરીકે ઓળખાતી માનસિક બીમારીનો એક કરુણ દાખલો છે. આ ઘટના આપણને આ પ્રકારના માનસિક રોગો અને તેના ગંભીર પરિણામો વિશે વિચારવા મજબૂર કરે છે. આવા દર્દીઓના આપઘાત પાછળ અનેક કારણો હોઈ શકે છે.

આવી દુર્ઘટનાઓ દર્શાવે છે કે માનસિક સ્વાસ્થ્ય એક ગંભીર મુદ્દો છે અને તેને અવગણવો ન જોઈએ. ’મહાનતાના ભ્રમ’ જેવા રોગથી પીડાતી વ્યક્તિઓને સમયસર નિદાન અને ઉપચાર મળે તે અત્યંત જરૂરી છે. સમાજે પણ આવા દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ અને સમજણ કેળવવી જોઈએ, જેથી તેઓ એકલા ન પડે અને યોગ્ય મદદ મેળવી શકે.

### વાસ્તવિકતા અને કલ્પના વચ્ચેનો સંઘર્ષ

’મહાનતાના ભ્રમ’થી પીડાતી વ્યક્તિ પોતાની કલ્પનાને જ સાચી દુનિયા માની લે છે. તેઓ પોતાને કોઈ મહાન શક્તિ, અવતાર, કે અત્યંત મહત્વપૂર્ણ વ્યક્તિ તરીકે જુએ છે. જ્યારે આ કલ્પના અને વાસ્તવિક દુનિયા વચ્ચે સતત સંઘર્ષ થાય, અને વાસ્તવિકતા તેમની કલ્પનાથી તદ્દન વિપરીત હોય, ત્યારે તેઓ ભારે હતાશા અને નિરાશા અનુભવે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ પોતાને કલ્કી અવતાર માનતી હોય અને સમાજ તેમને સામાન્ય વ્યક્તિ તરીકે જુએ, તો આ વિસંગતતા તેમને માનસિક રીતે તોડી શકે છે.

### સારવારનો અભાવ

આ પ્રકારના રોગો, જેમ કે સ્કિઝોફ્રેનિયા, માટે યોગ્ય માનસિક સારવાર અને દવાઓ અત્યંત જરૂરી છે. જો દર્દીને સમયસર અને યોગ્ય સારવાર ન મળે તો તેમની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ઘણા કિસ્સાઓમાં, દર્દી પોતે પોતાની બીમારી સ્વીકારવા તૈયાર નથી હોતા, જેના કારણે તેઓ સારવાર લેવાનો ઈનકાર કરે છે. આના પરિણામે, તેમના ભ્રમ અને હતાશા વધુ પ્રબળ બને છે, જે આપઘાતનું જોખમ વધારે છે.

### સામાજિક અવગણના અને ઉપહાસ

આવા દર્દીઓ ઘણીવાર તેમના વિચારો અને વર્તનને કારણે સમાજ દ્વારા અવગણાય છે અથવા તેમનો ઉપહાસ કરવામાં આવે છે. સમાજ તેમને ગંભીરતાથી લેતો નથી, જે તેમની માનસિક પીડામાં વધારો કરે છે. તેઓ અનુભવે છે કે કોઈ તેમને સમજી શકતું નથી. આ એકલતા અને નકારનો ભાવ તેમને અસહાય અને નિરાશ બનાવી શકે છે, જે આપઘાતના વિચારો તરફ દોરી શકે છે.

### ભાવનાત્મક તણાવ અને એકલતા

આ બીમારીના કારણે દર્દીઓ તેમના પરિવાર અને મિત્રોથી દૂર થઈ જાય છે. તેમની વાસ્તવિકતા અને દુનિયા વચ્ચેનો તફાવત તેમને એકલા પાડી દે છે. તેઓ લાગણીઓને યોગ્ય રીતે વ્યક્ત કરી શકતા નથી, જેના કારણે માનસિક તણાવ ખૂબ વધી જાય છે. જ્યારે આ તણાવ અસહ્ય બની જાય છે, ત્યારે તેઓ જીવનનો અંત લાવવાનું પગલું ભરી શકે છે.

# ગોંડલ રોડ પર પોલીસની ગાડી અથડાતા ચાર ઘવાયા

## મહેસાણાથી આરોપીને વંથલી કોર્ટમાં લઇ જતી વખતે બનાવઃ અકસ્માતને પગલે લોકોએ મોઢા એટલી વાતો કરી

રાજકોટ, તા. ૨૩
અકસ્માતના બનાવો અવાર-નવાર બનતા રહે છે. ઘણીવાર એમ્બ્યુલન્સ અને પોલીસના વાહનો પણ ભટકાઇ જતાં હોય છે. દરમિયાન શહેરના ગોંડલ રોડ પર ચોકડી પાસે ઓવરબ્રીજ નીચે મહેસાણા પોલીસ હેડક્વાર્ટરની જીપ દિવાલમાં ઘુસી જતાં હેડકોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, કોન્ટ્રાક્ટ બેઝના ડ્રાઇવર અને આરોપીને ઇજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ગુજસીટોકના આરોપીને મહેસાણાથી વંથલી કોર્ટમાં મુદ્દતે લઇ જતી વખતે રાજકોટમાં આ ઘટના બની હતી. જેના કારણે પોલીસ અને આરોપી કોર્ટના બદલે દવાખાને પહોંચ્યા હતાં.

વિગતો જોઇએ તો મુજબ ગોંડલ રોડ ઓવરબ્રીજ નીચે મહોસણા પોલીસની ગાડી દિવાલમાં અથડાતાં હેડકોન્સ. ભરતસિંહ ચંદુજી ચાવડા, કોન્સ. મહેશભાઇ રવજીભાઇ ચૌધરી, કોન્ટ્રાક્ટ બેઝના ડ્રાઇવર અનુપકુમાર લવજીભાઇ અને આરોપી વિપુલભાઇ સુરાભાઇ (રહે. જુનાગઢ ઝાંઝરડા રોડ)ને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જેતે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. વિપુલ નામના શખ્સ કે જે ગુજસીટોકનો આરોપી હોઇ તેને વંથલી કોર્ટમાં રજૂ કરવાનો હોઇ મહેસાણાથી તેને લઇને જતી વખતે આ બનાવ બન્યો હતો. પોલીસ કર્મચારીના કહેવા મુજબ આગળ જતી આઇ-૨૦ કારને સાઇડ કાપવા જતી વખતે પોલીસની ગાડીમાં કંઇક અવાજ આવવાનું ચાલુ થઇ જતાં ડ્રાઇવર જોવા જતાં કાબુ ગુમાવતાં ગાડી દિવાલમાં અથડાઇ હતી. આ બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ ગયા હતાં. પોલીસની ગાડી આ રીતે દિવાલમાં ઘુસી જતાં એકઠા થયેલા લોકોએ મોઢા એટલી વાતો કરી હતી.

## નેશનલ વન હેલ્થ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ ઝૂનોસીસ હેઠળ કાર્યરત

# એઈમ્સ ખાતે રીજીયોનલ સેન્ટરનું લોકાર્પણ

રાજકોટ, તા. ૨૩
એઈમ્સ રાજકોટ ખાતે નેશનલ વન હેલ્થ પ્રોગ્રામ માટેના રિજનલ સેન્ટરનું ઉદઘાટન તથા ઈકો-ફ્રેન્ડલી CME એઈમ્સ રાજકોટ ખાતે ગઈકાલે નેશનલ વન હેલ્થ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ ઝૂનોસીસ માટેના રિજનલ સેન્ટરનું ઉદઘાટન કર્યું, જેમાં નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ, હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર મંત્રાલય, ભારત સરકાર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. વન હેલ્થ એ એક એવો અભિગમ છે જમા પ્રાણીઓ પર્યાવરણ વનસ્પતિ સૂક્ષ્મજીવો દ્વારા રોગ માનવોને આવી શકે છે જેથી સ્વાસ્થ્ય સાથે નજીકથી સંકળાયેલું છે તે માન્યતા ને સ્વીકારે છે. અને આ



સેન્ટર આ પ્રકારના રોગને અટકાવવા માં સહાય કરશે એઈમ્સ રાજકોટ ને ગુજરાત રાજ્ય અને યુનિયન ટેરિટરી દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ માટે વન હેલ્થ કાર્યવાહીઓ માટે સંકલન કેન્દ્ર તરીકે નિમવામાં આવ્યું છે પશુપાલન અને ડેરી, વન અને પર્યાવરણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, રાજ્ય આરોગ્ય વિભાગ માટે મુખ્ય સત્તા તરીકે કાર્ય કરશે.

નવી નિયુક્ત રિજનલ સેન્ટરનો નેતૃત્વ કર્નલ અશ્વિની અગ્રવાલ (માઇક્રોબાયોલોજી) નોડલ ઓફિસર તરીકે, તથા ડો. કૃપાલ જોશી (કોમ્યુનિટી એન્ડ ફેમિલી મેડિસિન), ડો. અનિલ ચૌધરી (માઇક્રોબાયોલોજી), ડો. અભિષેક પાંધી (માઇક્રોબાયોલોજી), અને ડો. મયુરી ભિસે (માઇક્રોબાયોલોજી) સહ-નોડલ ઓફિસર તરીકે કાર્ય કરશે.

ઉદઘાટન પછી વન હેલ્થ વિષય પર એકદિવસીય CME કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો, જે નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઇઝેશન, સૌરાષ્ટ્ર પ્રાંતના સાથે યોજાયો હતો. CME માં માનવ, પ્રાણી અને પર્યાવરણીય આરોગ્ય વચ્ચેની કોર્ડિનેટેડ અભિગમની અગત્યતા રજૂ કરવામાં આવી. પ્રોગ્રામમાં AYUSH પ્રતિનિધિઓ, રાજ્ય આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા સામાજિક સંસ્થા/નાગરિકો પણ સામેલ થયા. આ અવસરે, એઈમ્સ રાજકોટના વિદ્યાર્થીઓ ને સમુદાય જાગૃતિ માં તેમના યોગદાન અને નબળા વર્ગોના લાભ માટે સમર્પિત કાર્ય બદલ પ્રમાણપત્ર નું વિતરણ કરાયું.

CME ઈકો ફ્રેન્ડલી અભિગમ સાથે યોજાઈ જેમાં પ્લાસ્ટિક બોટલ સંપૂર્ણપણે ઉપયોગ વગર, ફલેક્સ બદલે કપડાં બેનરો, પ્લાસ્ટિક વગરની કિટ્સ અને ઓછામાં ઓછું ભોજન-પાણી વેસ્ટેજ જેવી ગ્રીન પ્રવૃત્તિઓ અમલમાં મુકાયા. કીટ્સ સ્વદેશી સામગ્રીમાંથી હાથથી બનાવેલ અને મહિલાઓની રોજગારી અને આજીવિકા આધારિત સંગઠનો દ્વારા તૈયાર કરાયાં, જે પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સશક્તિકરણ સાથે જોડાયેલી હતી. આ લોન્ડમાર્ક પ્રોગ્રામ ડો. જે.એસ. તિતીયાલ, અધ્યક્ષ, એઈમ્સ રાજકોટ અને ડો. જિ.ડી. પુરી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એઈમ્સ રાજકોટ ના માર્ગદર્શન અને સહયોગથી શક્ય બન્યો હતો.

## ભંગાર વીણવા નીકળેલી લીલી તક જોઇ દાગીના ઉઠાવી ગઇ હતીઃ એ-ડિવીઝન પોલીસે પર્દાફાશ કર્યો

# મનહરપ્લોટમાં નેપાળી પરિવારના ઘરમાં ચોરીઃ તસ્કરણી ઝડપાઇ

રાજકોટ, તા. ૨૩
ચોરીના વધુ એક બનાવને ઉકેલવામાં પોલીસ સફળ થઇ હતી. શહેરના મનહરપ્લોટમાં એપાર્ટમેન્ટના પાર્કિંગની રૂમમાં રહેતાં નેપાળી પરિવારના રૂમના કબાટમાંથી કોઇ સોનાના દાગીના ચોરી ગયું છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે મુળ નેપાળના અને હાલ મનહરપ્લોટ-૧૪ અધિષ્ઠાન એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રહી લાપીનોઝ પીઝામાં નોકરી કરતાં સંતોષ ખડકભાઇ પરીયારની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસને અંતે ભેદ ઉકેલાઇ ગયો હતો.

સંતોષ પરીયારે જણાવ્યું હતું કે ૧૪મીએ બપોરે મારા કામના સ્થળે હતો ત્યારે માતા ડુન્કીબેન મારા ઘરે



આવ્યા હતાં. તેણે મારી પત્નિનું સોનાનું મંગલસુત્ર અને સોનાની બુટી બે રૂમમાં એક થેલીમાં મુક્યા હતાં. આ થેલી કબાટમાં રાખી દીધી હતી. દરમિયાન આ દાગીના સાથેની થેલી હવે કબાટમાં જોવા ન મળતાં મારા પત્નિ પ્રતીભા અને માતાએ શોધખોળ કરી હતી. પરંતુ દાગીનાની થેલી મળી નહોતી. મને આની જાણ કરતાં મેં પોલીસને જાણ કરી હતી. કોઇ અમાર રૂમના કબાટમાંથી બુટીયા આશરે ૫૦ હજારના, મંગળસુત્ર આશરે ૩૦ હજારનું મળી કુલ ૮૦ હજારના દાગીના ચોરી ગયું હતું. પીઆઇ બી. વી. બોરીસાગરની રાહબરીમાં હેડકોન્સ. એન. બી. શીયાળે ગુનો નોંધ્યો હતો. દરમિયાન ડી. સ્ટાફના પીએસઆઇ એસ. એમ. રાણા, એએસઆઇ ભરતસિંહ ગોહિલ સહિતી ટીમે કણકોટ પાટીયા પાસે ઝૂપડામાં રહેતી લીલી ધીરૂભાઇ વાઘેલા નામની મહિલાને સકંજામાં લઇ પુછતાછ કરતાં ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો છે. ભંગાર વીણવા નીકળેલી આ મહિલાએ ઘરમાં ઘુસી ચોરી કર્યાનું ખુલતાં મુદ્દામાલ કબ્જે લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# નીરસ બન્યો સૌ.યુનિવર્સિટીનો યુવક મહોત્સવ

## યુનિવર્સિટી સલગ્ન ૨૩૦ થી વધુ સંસ્થાઓમાંથી માત્ર ૭૦ ના વિદ્યાર્થીઓએ દાખવ્યો રસ

રાજકોટ, તા. ૨૩
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની છબી ઉતરોતર ખરડાતી રહી છે પરંતુ તે વચ્ચે પણ વિદ્યાર્થીઓનું મોરલ જળવાઈ રહે તે માટે યુનિવર્સિટી દર વખતની જેમ આ વખતે પણ ૫૩ માં યુવક મહોત્સવનું આયોજન કરવા જઈ રહી છે જે ૧૩,૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ યોજાશે. આ યોગ મહોત્સવમાં ૩૩ સ્પર્ધાઓ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડાયેલી ૨૩૦ થી વધુ સંસ્થાઓમાંથી માત્ર ૭૦ જેટલી કોલેજના જ વિદ્યાર્થીઓએ ભાગ લેવા માટે ફોર્મ ભર્યું હોવાનું માલુમ પડ્યું છે. વિદ્યાર્થીઓ સહભાગી ન થતા તેની પાછળ ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલનું કારણ હાલ પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે.

આ વર્ષે પ્રથમ વખત કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક વિભાગની ૩૩ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાશે જેમાં એક્સપર્ટ દ્વારા કઈ સ્પર્ધામાં ભાગ લેવા માટે કયા પ્રકારની આવડત તેમજ તૈયારીની જરૂર પડે છે તેનું ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપવામાં




આવશે. તો સાથે જ આ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ લાવનાર વિજેતાઓને ૨,૫૦૦, ૧,૫૦૦ અને ૧,૦૦૦ નું ઈનામ એનાયત થશે તો તેઓને ટ્રોફી વિતરણ કરી જાહેર સન્માન કરવામાં આવશે. જેથી આ વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન મળશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર, દિગ્વિજય ગ્રામ, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાની ૨૩૫ જેટલી કોલેજોમાં ૩ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે દરેક વિદ્યાર્થીઓ યુવક મહોત્સવમાં ભાગ લે તે માટે સ્પેશિયલ વર્કશોપ ગોઠવવામાં આવશે. જેમાં એક્સપર્ટ દ્વારા અલગ અલગ સ્પર્ધા અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં લોકસાહિત્યની સ્પર્ધાઓમાં ગુજરાતી ભવનના પૂર્વ અધ્યાપક એવા લોક સાહિત્યકાર રાજુલ દવે, લોકગાયક નિલેશ પંડ્યા તથા મેઘાણી લોક કથાકાર અને આકાશવાણીના પૂર્વ ડાયરેક્ટર શાંતિલાલ રાણીંગા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાના છે આ સિવાયના અન્ય એક્સપર્ટ પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરી તેઓની કળાને સુદ્રઢ બનાવવાનો પ્રયત્ન કરશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુવક મહોત્સવના આયોજક ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં યોજાનારા ૫૩માં યુવક મહોત્સવમાં વકૃત્વ સ્પર્ધા, પાદપૂર્તિ, ગઝલ, શાયરી અને કાવ્ય લેખન, ડિબેટ, ક્વિઝ, હસ્તકલા હોબી, સર્જનાત્મક કારીગરી, રંગોળી, કાર્ટુનિંગ, ચિત્રકલા, કોલાજ, ક્લે મોડેલિંગ, પોસ્ટર મેકિંગ, તત્કાલ છબીકલા, હળવું કંઠ્ય સંગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્યસંગીતમાં તાલવાદ્ય અને સ્વરવાદ્ય, શાસ્ત્રીય નૃત્ય, વેસ્ટર્ન વોકલ (સોલો), લોકગીત, ભજન, દુહા છંદ, મિમિક્રી, મૂક અભિનય, સમૂહ ગીત, વેસ્ટર્ન ગ્રુપ સોંગ, એકાંકી, લઘુ નાટક (સ્કીટ), સમૂહ નૃત્ય, પ્રાચીન રાસ, સમૂહ લોકવાદ્ય સંગીત અને હાલરડાંની સ્પર્ધા યોજવામાં આવશે.

## હવસખોરીના સતત વધી ગયેલા બનાવો વચ્ચે વધુ એક લાલબત્તી સમાન ઘટના


# બાળાને પ્રેમમાં ફસાવી વારંવાર દૂષ્કર્મઃ કુંવારી માતા બની

## ઢગાએ મિત્રની મદદથી અલગ અલગ ગામમાં બાળાને લઇ જઇ દેહ પીંખ્યો હતોઃ બંનેને ઝડપી લેવા કાર્યવાહી

રાજકોટ, તા. ૨૩
સગીરાઓ, યુવતિઓને ફસાવી દૂષ્કર્મ આચરી લેવાના અને ક્યારેક તેણીને ગર્ભવતી બનાવીને તરછોડી મુકવાના આવર-નવાર બનાવો બનતા રહે છે. દરમિયાન વધુ એક આવી ઘટનામાં મિત્રની મદદથી એક ઢગાએ સગીરાને ફસાવી હતી અને તેની સાથે બળજબરી આચરી હતી. વારંવાર દૂષ્કર્મને પગલે આ સગીરા ગર્ભવતી બની ગઇ હતી અને બાળકને જન્મ આપતાં પરિવારજનો હચમચી ગયા હતાં. પોલીસે બે શખ્સો સામે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પ્રેમના નામે બાળાઓને ફસાવવાના વધી ગયેલા કિસ્સા વચ્ચે એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના એક ગામમાં રહેતી સગીરાને જાલમપુરા ગામના યુવકે પ્રેમ જાળમાં ફસાવી અને ખાંડી ગામના સાગરિતની મદદથી દસ મહિના સુધી અલગ અલગ ગામમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. સગીરા ગર્ભવતી બની અને બાળકને જન્મ આપ્યો હતો. આ મામલે આણંદ જિલ્લાના તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી. જિલ્લાના સાવલી તાલુકાના જાલમપુરા ગામના મંદિરવાળા ફળિયામાં રહેતા રાહુલ જગદીશ ભોઈ તાલુકાના એક ગામમાં રહેતી સગીર કન્યાના સંપર્કમાં આવ્યો હતો. સગીરાને પ્રેમ જાળમાં ફસાવી હતી અન દસ મહિના પહેલાથી લઈને ગત ઓગષ્ટ સુધીમાં સગીરાને પોતાના સાવલી તાલુકાના ખાંડી ગામના ભાવેશ રયજી પઢિયારની મદદથી અલગ અલગ સ્થળે લઈ ગયો હતો અને સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

વારંવાર દૂષ્કર્મના કારણે સગીરા ગર્ભવતી બન્યા હતા. તેની જાણ પરિવારજનોને થતા આભ



તૂટી પડ્યો હોવાનું અહેસાસ કર્યો હતો. સગીરાને દુખાવો ઉપડતા સારવાર માટે ખસેડવામાં આવી હતી જ્યાં તેણે બાળકને જન્મ આપ્યો હતો. બાદ સગીરાના માતા પિતાએ આણંદ જિલ્લાના તારાપુર ગામે રાહુલ અને ભાવેશ બંને નરાધમો સામે ફરિયાદ નોંધાવી હતી. તારાપુર પોલીસે ફરિયાદને ભાદરવા પોલીસમાં ટ્રાન્સફર કરી હતી. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. બનાવના પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ છે અને આરોપીની ધરપકડ સાથે તેને કડકમાં કડક સજા થાય તેવી પરિવારના સભ્યો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. આ બનાવમાં બે આરોપી છે તેઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

અન્ય એક ચોંકાવનારી ઘટનામાં એક પંચાવન વર્ષનો ઢાંઢો વિકૃતી પર ઉતરી આવ્યો હતો અને અગીયાર વર્ષની બાળકી ચોકલેટ લેવા આવતાં આ હવસખોરે તેની સાથે બિભત્સ હરકતો કરી લીધી હતી. વિગતો જોઇએ તો સુરતના ઉધના ખાતે આવેલી સનગ્રેસ સ્કૂલ સામે કડુ સદાશીવ ઇંગળે કે જે પંચાવન વર્ષનો છે તે કરિયાણાની દુકાન ચલાવે છે. સવારના અરસામાં આ વિસ્તારમાં રહેતી અગીયાર વર્ષની બાળકી કડુની દુકાન પર ચોકલેટ લેવા માટે આવી હતી. બાળકીને જોઇને કડુ ઇંગળેની દાનત બગડી હતી. અને બાળકીને દુકાનમાં બોલાવી તેના પગના ભાગે હાથ ફેરવીને છેડતી કરી હતી. કડુની આ હરકતથી ગભરાઇ ગયેલી બાળકી પોતાના ઘરે ચાલી ગઇ હતી અને માતાને સઘળી હકીકત જણાવી હતી. દિકરી પાસેથી આ હકિકત જાણી પરિવારજનો ચોંકી ગયા હતાં અને પોલીસ પાસે પહોંચી ફરિયાદ દાખલ કરાવતાં આ હવસખોર ઢગાને ઝડપી લેવાની તજવીજ થઇ હતી.

મકાનો-દૂકાનો-કારખાનાઓમાં ત્રાટકતા તસ્કરીયા ઘણીવાર બનાવે છે દેવસ્થાનોને નિશાન

# જૈન મંદિરમાંથી ૨૧ લાખની માલમત્તા ઉસેડી ગયા ચોરટા

## ચાંદીનું સિંહાસન તેમજ દાનપેટી તોડી રોકડ ઉઠાવી ગયાઃ એક તસ્કર કેમેરામાં કેદ થયો

રાજકોટ, તા. ૨૩

તહેવાર ટાણે ચોરટાઓ મેદાનમાં આવી જ જતાં હોય છે. જ્યાં તક મળે ત્યાં હાથફેરા કરનારા તસ્કરો સમયાંતરે દેવસ્થાનોને પણ નિશાન બનાવી લેતાં હોય છે. દરમિયાન એક જૈન મંદિરને નિશાન બનાવી ચોરટાઓ ચાંદીનું સિંહાસન સહિત એકવીસ લાખ જેવી મત્તા ચોરી જતાં ખળભળાટ મચી ગયો છે. તસ્કર સીસીટીવીમાં કેદ થતાં તપાસ શરૂ થઇ છે. બીજી એક ઘટનામાં એક પરિવારને બેભાન કરી લૂંટનો પ્રયાસ કરવાની ઘટનાનો પર્દાફાશ થયો છે. જેમાં પુર્વ નોકર જ સુત્રધાર નીકળ્યો છે.

મંદિરમાં ચોરીની ઘટના પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કંડારી ગામે આવેલા જૈન મંદિરમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા અને ગર્ભગૃહમાંથી ભગવાનની કિંમતી ચાંદીની મૂર્તિઓ અને રોકડ રકમ મળી રૂ. ૨૦.૮૦ લાખ મતાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેથી, મંદિરના મહામંત્રીએ કરજણ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે દ્દવ્સમાં કેદ થયેલા ચોરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી. વડોદરા શહેરના ગોત્રી રોડ પર આવેલા રાજનગર હાઉસિંગ બોર્ડ સોસાયટીમાં રહેતા રાકેશકુમાર પદમચંદ જૈન કે જે એકસઠ વર્ષના છે તેમણે જણાવ્યું હતું કે તે આચાર્ય તરીકે નિવૃત થયા હતા. કંડારી ગામની સીમામાં આવેલા શાંતિનામથ દિગંબર સર્વાથ સિદ્ધિ અતિશય ક્ષેત જૈન મંદિરમાં વર્ષ ૨૦૨૩થી મહામંત્રી છે.

રાતના સમયે તસ્કરો જૈન મંદિરમાં ત્રાટક્યાં હતા અને પ્રવેશદ્વારનું તાળુ તોડીને તેઓ ગર્ભગૃહના દરવાજાને લગાવેલા સળિયા તોડી ગર્ભગૃહમાં ભગવાનના મંદિરમાં મૂકેલી બે દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરી હતી. આ ઉપરાંત આદિનાથ ભગવાનની ચાંદી, સંભવનાથ ભગવાનની રત્નની, મહાવીર ભગવાનની અષ્ટધાતુની મૂર્તિઓ ઉપરાંત ૭ નંગ ચાંદીના સિંહાસન મળી ૧૯.૭૦ લાખ તેમજ દાન પેટીની રોકડ રકમ ૧.૧૦ લાખ મળી કુલ ૨૦.૮૦ લાખની માલમતાની ચોરી કરી તસ્કરો પલાયન થઇ ગયા હતા. જોકે, ચોરી કરવા માટે આવેલા એક ચોર મંદિરમાં લગાવેલા સીસીટીવીમાં કેદ થઇ ગયો હતો. નિવૃત આચાર્યે કરજણ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે કરજણ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. રાજ્યભરમાં આ રીતે સમયાંતરે મંદિર ચોરીના બનાવો બને છે. તેમાં વધુ એકનો ઉમેરો થયો છે.



**પરિવારજનોને બેભાન કરી લૂંટનો પ્રયાસ, હુમલાની ઘટનાનો પર્દાફાશઃ પુર્વ ડ્રાઇવર નીકળ્યો સુત્રધારઃ ત્રણને ઝડપી લેવાયા**

બીજી ઘટના જોઇએ તો વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં એક ઘરમાં વૃદ્ધ મહિલા સહિત ત્રણ વ્યક્તિઓને ક્લોરોફોર્મ સુંઘાડી બેભાન કરી લૂંટના પ્રયાસના કરી હુમલો કરવાની ઘટના બની છે. વડોદરા ક્રાઇમ બ્રાન્ચે તત્કાળ કાર્યવાહી કરી મોટી સફળતા મેળવી છે. પોલીસે રાજસ્થાનથી એક આરોપીને શોધી કાઢીને ધરપકડ કરી છે, જ્યારે ત્રણ અન્ય આરોપીઓ વોન્ટેડ છે. આ કેસમાં મુખ્ય આરોપી ઘરનો પૂર્વ ડ્રાઇવર જ છે, જેણે ઘરમાં મોટી રકમ હોવાની માહિતીના આધારે કાવતરું રચ્યું હતું. કારેલીબાગના મુક્તાનંદ સર્કલ પાસે આવેલી આમ્રપાલી સોસાયટીમાં આ ઘટના બની હતી. ત્રણ અજાણ્યા વ્યક્તિઓ ઘરના પાછળના ખુલ્લા દરવાજામાંથી અંદર ઘૂસી ગયા હતા. તે સમયે વૃદ્ધ મહિલા, તેમની પૌત્રી અને તેમનો પૌત્ર ઘરમાં હાજર હતા.

આ વખતે આરોપીઓએ ત્રણેયને રૂમાલમાં ક્લોરોફોર્મ સુંઘાડી બેભાન કરી દીધા અને ઘરમાં રાખેલી કિંમતી વસ્તુઓની લૂંટ કરવાનો -યાસ કર્યો હતો. તેઓ વસ્તુઓને થેલામાં ભરી રહ્યા હતા ત્યારે ઘરમાં કામ કરતો નોકર અચાનક આવી પહોંચ્યો હતો. આરોપીઓએ તેમને પણ ક્લોરોફોર્મ સુંઘાડી બેભાન કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમના ખિસ્સામાંથી મોબાઇલ ઝૂંટવી લેવાની કોશિશ કરી હતી અને પાછળથી માથા પર બોથડ વસ્તુ વડે હુમલો કરી ઇજા પહોંચાડી હતી. ત્યારબાદ આરોપીઓ લૂંટેલો સામાન ત્યાં જ છોડીને ભાગી ગયા અને રાજસ્થાન જતા રહ્યા હતા. ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી. જાડેજા, એચ.ડી. તુવર અને એન.જી. જાડેજાની ટીમોએ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને ટેકિન્કલ તથા હ્યુમન સોર્સની મદદથી તપાસ આગળ વધારી હતી. પીએસઆઇ સી.ડી. યાદવ અને તેમની ટીમ રાજસ્થાન પહોંચી હતી.

પોલીસે ત્યાં પહોંચી આરોપી અભિમન્યુ વિક્રમસિંગ રાજપુતને તેના ગામમાંથી ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછમાં લૂંટનો ભેદ ખુલ્યો હતો. આરોપીની અટકાયત કરીને વધુ તપાસ માટે કારેલીબાગ પોલીસને સોંપવામાં આવ્યો છે. મુખ્ય આરોપી જશવંતસિંગે ઘરમાં મોટી રકમ હોવાની જાણકારીના આધારે કાવતરું રચ્યું હતું. તેણે રાજસ્થાનના કેસરસિંગ ભાયલના માધ્યમથી અભિમન્યુ અને વિક્રમસિંગને વડોદરા બોલાવ્યા હતા. તેઓ વડોદરાની અલગ-અલગ હોટલ અને ગેસ્ટ હાઉસમાં રાખ્યા અને ઘરની રેકી કરી. કામ પાર પાડવા માટે તેઓને દોઢથી બે લાખ રૂપિયાની લાલચ આપી આ ગુનામાં સામેલ કર્યા હતાં. વિક્રમસિંઘે ક્લોરોફોર્મની વ્યવસ્થા કરી હતી. ઘટના બાદ તમામ આરોપીઓ રાજસ્થાન ભાગી ગયા હતા.

---

લોકો કયા કારણે ક્રોધીત થઇ જાય તે કહી શકાતું નથીઃ વધુ એક હિચકારો હુમલો

# વિદ્યાર્થીએ બાઇક પરથી ઉભા કરતાં બે શખ્સે ઝીંક્યા છરીના ઘા

**પેડક રોડ પરના બીસીએના છાત્ર પર શિવાજીનગરમાં હુમલોઃ બે શખ્સે બેઠક, પડખા, સાથળમાં ઇજા પહોંચાડી : વચ્ચે પડેનારા માતા-મામીને પણ મારકુટફ થોરાળા પોલીસે કરી કાર્યવાહી**

રાજકોટ, તા. ૨૩

શહેરમાં નાની મોટી જીણીજાડી વાતે લોકો એક બીજા પર હુમલો કરી બેસે છે. નહિ જેવી વાતે પણ સહનશક્તિ ગુમાવી દઇ ગુનાખોરી આચરી લે છે. આવા વધુ એક બનાવમાં એક વિદ્યાર્થી પર છરીના ઘા થયા છે. શહેરના પેડક રોડ પર રહેતો અને કોટક સાયન્સ કોલેજમાં બીસીએનો અભ્યાસ કરતો ઓગણીસ વર્ષનો યુવાન માતા સાથે શિવાજીનગરમાં મામા-મામીના ઘરે બેસવા ગયો ત્યારે તેના મોટરસાઇકલ પર આ વિસ્તારના બે શખ્સો બેઠા હોઇ તેને ઉભા કરતાં આ બંને ઉશ્કેરાઇ ગયા અને છરીના ત્રણ ઘા ભોંકી દઇ તેને હોસ્પિટલમાં પહોંચાડી દીધો હતો.



વિગતો પર નજર કરીએ તો કોટક સાયન્સ કોલેજમાં ભણતો યુવાન તેના માતાને હોન્ડામાં બેસાડી શીવાજીનગરમાં મામા-મામીના ઘરે બેસવા ગયો ત્યારે તેણે પાર્ક કરેલા તેના હોન્ડા મોટરસાઇકલ પર આ વિસ્તારના બે શખ્સો બેઠા હોઇ છાત્રને માતાને લઇને પાછા પોતાના ઘરે લઇને જવું હોઇ આ બંનેને વાહન પરથી નીચે ઉતરવાનું કહેતાં બંનેએ ઉશ્કેરાઇ જઇ ગાળો દઇ છરીથી હુમલો કરી પડખા, સાથળ, બેઠક પર ઘા મારી દેતાં તેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં થોરાળા પોલીસે આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે પેડક રોડ પર બાલક હનુમાનની બાજુમાં બ્રાહ્મણીયાપરા-૨૧માં ખોડલ કૃપા ખાતે રહેતાં અને એચ એન્ડ એચબી કોટક સાયન્સ કોલેજમાં બીસીએ સેમેસ્ટર-૧માં અભ્યાસ કરતાં ધ્રુવરાજ જીતેન્દ્રભાઇ ધોળકીયા નામના ઓગણીસ વર્ષના વિદ્યાર્થીની ફરિયાદ પરથી વિશાલ કોળી, રઘુ કોળી, શીલુબેન અને શીલુબેનના માતા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

છરીના ઘા ઝીંકાતા હોસ્પિટલમાં પહોંચેલા વિદ્યાર્થી ધ્રુવરાજે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને કોલેજમાં અભ્યાસ કરુ છું. સોમવારે સાંજે હું મારા માતા વર્ષાબેનને મારા હોન્ડામાં બેસાડી દૂધસાગર રોડ પર પાવર હાઉસ સામે શિવાજીનગર-૫માં રહેતાં મારા મામી શીતલબેન ચુડાસમાના ઘરે ગયા હતાં. અહિ મેં શેરીના ખુણે મારુ હોન્ડા પાર્ક કર્યુ હતું. મામીના ઘરે બેસીને પરત ઘરે જવા માટે અમે જ્યાં હોન્ડા પાર્ક કર્યુ હતું ત્યાં આવ્યા ત્યારે મારા આ હોન્ડા પર રઘુ કોળી અને વિશાલ કોળી બેઠા હોઇ મેં તેને આ હોન્ડા મારુ છે અને અમારે જવુ છે જેથી મને લેવા દો. આ સાંભળી આ બંને મને ગાળો દેવા માંડ્યા હતાં. મેં તેને ગાળો દેવાની ના પાડતાં વિશાલે નેફામાંથી છરી કાઢી મને ડાબા પડખામાં અને બેઠક પર ડાબી સાઇડે ઘા મારી દીધા હતાં.

જેથી લોહી નીકળવા માંડ્યા હતાં. આ પછી રઘુએ પણ છરી કાઢી વધુ એક ઘા મને જમણા સાથળે મારી દેતાં વધુ લોહી વહેવા માંડ્યું હતું. મારા માતા વર્ષાબેન અને મામી શીતલબેન બચાવવા વચ્ચે પડતાં આ બંનેએ તેની સાથે પણ માથાકુટ કરી હતી. દરમિયાન મારા મામા જીતેન્દ્રભાઇ નકુભાઇ ચુડાસમા આવી ગયા હતાં. આથી વિશાલ અને રઘુ ભાગી ગયા હતાં. થોડીવાર બાદ રઘુની બહેન શીલુબેન અને બીજી એક બહેને આવી મારા માતા-મામી સાથે ઝઘડો કરી મારામારી કરી હતી. મને મારા માતા, મામા વાહનમાં બેસાડી ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતાં. જ્યાં દાખલ કરાયો હતો.

ધ્રુવરાજે વધુમાં કહ્યું હતું કે વિશાલ અને રઘુને મેં મારા વાહન પરથી ઉભા થવાનું મેં કહેતાં એટલામાં તે ઉશ્કેરાઇ ગયા હતાં અને મને ગાળો દઇ છરીના ઘા મારી દીધા હતાં અને રઘુની બહેન શીલુ અને તેની માતાએ પણ મારા માતા, મમામીને ગાળો દઇ મારકુટ કરી હતી. તેમ વધુમાં ધ્રુવરાજે કહેતાં થોરાળા પોલીસ મથકના એએસઆઇ ઘેલુભાઇ ડી. શિયારે પોલીસ ઇન્સપેક્ટર વાઘેલાના માર્ગદર્શન હેઠળ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

---

જિંદગી તો બેવફા હૈ...સ્વજનોને અકાળે આવી પડેલા કાળના તેડાએ ૮ પરિવારોના હર્યાભર્યા માળા વીંખ્યા

# દિકરાના વિયોગમાં અને બિમારી સહન ન થતાં બે વૃધ્ધે જીવ દીધા

**કાગદડીના વૃધ્ધે ઝેર પીધું, માંડાડુંગરના વૃધ્ધ ઘર પાસે વિજથાંભલે લટકી ગયાઃ વિરાણી હાઇસ્કૂલ પાછળ, બાબરીયામાં પરિણીતા અને યુવાને અકળ કારણે ફાંસો ખાઇ મોત મેળવ્યુંઃ એક યુવાનનું અને એક બાળકીનું પડી જતાં મૃત્યુંઃ વૃધ્ધને નડી વાહન અકસ્માતની ઘાતઃ એક વૃધ્ધ બેઠા બેઠા પડી જતાં જીવ ગયો**

રાજકોટ, તા. ૨૩

માન્યું કે જન્મ લે એ મનુષ્યનું મૃત્યુ નિશ્ચીત જ હોય છે પરંતુ અકાળે ઓચીંતા આવી પડતાં કાળના તેડા જે તે મૃતકના પરિવારજનોને કારમો આઘાત આપી જતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓથી પરિવારોના હર્યાભર્યા માળા વેરવીખેર થઇ જતાં હોય છે. અપમૃત્યુની વધુ આઠ ઘટના સામે આવી છે. જેમાં એક વૃધ્ધે દિકરાના વિયોગમાં જીવ દીધો હતો, બીજા વૃધ્ધે ફેફસા-લિવરની બિમારી સામે હારી જઇ ઘર નજીક વિજથાંભલે લટકીને મોતનો રસ્તો અપનાવ્યો હતો. અન્ય બે આપઘાતમાં એક પરિણીતાએ અને એક યુવાને અકળ કારણોસર પોત પોતાના ઘરે ગળાફાંસા ખાઇ લીધા હતાં. અલગ અલગ એવી આ ઘટનામાં કારણ સામે આવ્યા નહોતાં. વાહન અકસ્માતની ઘટનામાં વૃધ્ધનું મોત થયું હતું. એક યુવાનનું પહેલા માળેથી પડી જતાં મોત થયું હતું. તો એક વર્ષની બાળકીના પણ છત પરથી પટકાતાં શ્વાસ થંભી ગયા હતાં. એક વૃધ્ધ બેઠા બેઠા પડી જતાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ પર આવેલા કાગદડી ગામે માધવ હોટલ પાછળ વાડી વિસ્તારમાં ઝૂપડા બાંધીને રહેતાં મુળ વાંકાનેરના કોટડાનાયાણી ગામના પાંસઠ વર્ષના અમરશીભાઇ ભીખાભાઇ સોલંકી નામના વૃધ્ધે ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મોડી રાતે મોત થયું હતું. આત્મહત્યા કરી લેનારા અમરશીભાઇ ત્રણ ભાઇમાં મોટા હતાં અને છુટક ફ્રુટનો ધંધો કરતાં હતાં. સંતાનમાં બે દિકરી અને ત્રણ દિકરા છે. સગાએ કહ્યું હતુ કે અમરશીભાઇના એક બાવીસ વર્ષના દિકરા વાલાભાઇનું એક મહિના પહેલા જ બિમારીથી મૃત્યુ થયું હતું. આ દિકરાના વિયોગમાં અને પોતાને કેન્સરની અસર થઇ હોઇ તેના કારણે કંટાળીને તેમણે આ પગલુ ભરી લીધાનું સગાએ કહ્યું હતું.

બીજી ઘટનામાં આજીડેમ ચોકડીથી આગળ માંડાડુંગર નજીક હરસિધ્ધી પાર્ક-૩ આરતી ઇન્ડસ્ટ્રીઝ રોડ પર શક્તિ હોટલ પાછળ રહેતાં જેશાભાઇ અમરશીભાઇ ધરજીયા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ ઘર નજીક વિનાયક માઇક્રો કારખાના સામે આવેલા વિજથાંભલા પર મોડી રાતે રાંઢવું બાંધી ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. આ ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એચ. એમ. ધરજીયાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા જેશાભાઇ અગાઉ સિવિલ હોસ્પિટલમાં સિક્યુરીટી ગાર્ડ હતાં. હાલ નિવૃત જીવન જીવતા હતાં. તે બે બહેન અને ત્રણ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. ફેફસાની બિમારીથી કંટાળી પગલુ ભર્યાનું સગાએ કહ્યું હતું. રાતે ઘરના લોકો સુઇ ગયા બાદ તેઓ ઘરેથી રાંઢવુ લઇને નીકળ્યા હતાં અને આ પગલુ ભરી લીધું હતું. બનાવથી વિસ્તારમાં પણ અરેરાટી વ્યાપી ગઇ હતી. જેશાભાઇએ સ્યુસાઇડ નોટ લખી હતી તેમાં પણ ફેફસા લિવરની બિમારીથી પગલુ ભર્યાનું લખ્યું હતું.



જિંદગી ટુંકાવી લેવાની અન્ય બે ઘટના જોઇએ તો વિરાણી હાઇસ્કૂલ પાછળ મોદી સ્કૂલ નજીક સર્વોદય સોસાયટી-૪માં રહેતી ટ્વીંકલબેન ભરતભાઇ વાઘેલા નામની અઠ્ઠાવીસ વર્ષની પરિણીતાએ છતના હુકમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. ૧૦૮ના તબિબે તેણીને મૃત જાહેર કરી પોલીસને જાણ કરતાં કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ બી. યુ. પીઠડીયાએ જાણ કરતાં એ-ડિવીઝનના મહિલા પીએસઆઇ એમ. એસ. પારગીએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારના લગ્ન અઢી વર્ષ પહેલા થયા હતાં. તેના પતિ મેટોડામાં નોકરી કરે છે. કારણ બહાર આવ્યું ન હોઇ તપાસ યથાવત રખાઇ છે. જ્યારે બાબરીયા કોલનીી શેરી નં. ૧માં ભાડાની ઓરડીમાં રહેતાં મુળ ઉત્તરપ્રદશેના રવિન્દ્રભાઇ દેવીદત્તભાઇ વર્મા નામના પચ્ચીસ વર્ષના યુવાને ઓરડીમાં લોખંડના પાઇપમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ના તબિબે જાણ કરતાં ભક્તિનગર પોલીસ મથકના હેડકોન્સ. હરસુખભાઇ સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રવિન્દ્રભાઇ કારખાનામાં મજૂરી કરતો હતો. તે ત્રણ બહેન અને બે ભાઇમાં મોટો હતો. તેના પિતા શિતળાધારમાં રહે છે. આ બંને ઘટનામાં આપઘાતના કારણ બહાર આવ્યા નહોતાં.

વાહન અકસ્માતના બનાવમાં જંગલેશ્વરની રાધાકૃષ્ણ સોસાયટી-૧૬માં રહેતાં પંચોતેર વર્ષના અરજણભાઇ પોપટભાઇ પરમાર નામના વૃધ્ધ ટુવ્હીલર હંકારીને લાપાસરી તરફથી રાજકોટ આવી રહ્યા હતાં ત્યારે લાપાસરી રોડ પર અકસ્માતમાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમણે સારવારમાં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર અરજણભાઇ પરમાર પાંચ બહેનના એકના એક ભાઇ હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. પોતે લાપાસરી તરફ દિકરીને ત્યાં ગયા હોઇ ત્યાંથી પરત આવતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. કોઇ વાહનની ઠોકરે ચડ્યા કે વાહન સ્લીપ થતાં બનાવ બન્યો? આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

અપમૃત્યુની અન્ય ઘટના જોઇએ તો રેલનગર સંતોષીનગર ટાંકા પાસે રહેતો જીતુભાઇ સાહીબલાલ જાટ નામનો છવ્વીસ વર્ષનો યુવાન ઘરે પહેલા માળે હતો ત્યારે અકસ્માતે પડી જતાં માથા, શરીરે ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. મૃત્યુ પામનાર જીતુભાઇ બે ભાઇમાં નાનો હતો. તે મુળ યુપીનો વતની હતો અને કલરકામ કરી ગુજરાન ચલાવતો હતો.

અન્ય એક બનાવમાં એક ફુલડા જેવી બાળકીનો જીવ ગયો છે. કોઠારીયા સોલવન્ટ પ્રિયાંગ ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાના પાસે રહી મજૂરી કરતાં મુળ બિહારના ગુડ્ડુભાઇ બીંદની પુત્રી પુષ્પા નામની દિકરી કારખાનાની ઉપરના માળે આવેલી છતની રૂમ પાસે રમતી રમતી પડી જતાં માથા, કમરમાં ગંભીર ઇજા થતાં ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી.

પરંતુ અહિ તેનું મૃત્યુ થયુ હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કે. વી. બાલાસરાએ જરૂરી કાર્યવાહી કરી હતી. દંપતિએ એકની એક દિકરી ગુમાવતાં ગમગીની વ્યાપી ગઇ હતી. આ ઉપરાંત કેશોદના મોટી ઘંસારી ગામે રહેતાં મોહનભાઇ મેઘજીભાઇ પટોડીયા નામના પંચાણુ વર્ષના વૃધ્ધ સાંજે ઘરે બેઠા બેઠા પડી જતાં મુંઢ ઇજા થતાં કેશોદ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ, પ્રકાશભાઇએ જે તે પોલીસ સ્ટેશનોમાં નોંધ કરાવતાં આ તમામ મૃતદેહોના સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ થયા હતાં.

---

વર્ષોથી આ વૃધ્ધ અવાર-નવાર વિવાદ જગાવતાં હતાંઃ એક વખત તો વિજ્ઞાન જાથા સાથે પણ બટાઝટી બોલાવી હતી

# ‘કલ્કી’ અવતાર ગણાવતાં રમેશચંદ્રનો આપઘાત

**યુનિવર્સિટી રોડ બંસરી સોસાયટીમાં બનાવઃ સિંચાઇ વિભાગના નિવૃત ઇજનેર હતાંઃ પત્નિ-સંતાન વિદેશ રહે છેઃ એકલવાયા જીવનથી કંટાળી પગલુ ભર્યાનું તારણ નીકળ્યું**

રાજકોટ, તા. ૨૩

શહેર સહિત રાજ્યભરમાં પોતાના નિવેદનો થકી ચકચાર જગાવનારા અને પોતાને કલ્કી ભગવાનનો અવતાર ગણાવતાં વૃધ્ધે આત્મહત્યા કરી લેતાં ચકચાર જાગી છે. સિંચાઇ વિભાગમાંથી નિવૃત થયેલા આ અધિકારી વૃધ્ધ અવાર-નવાર પોતે કલ્કી ભગવાનનો અવતાર ગણાવી અલગ અલગ નિવેદનો કરી વિવાદ ઉભો કરતાં હતાં અને તેના વિડીયો ન્યુઝ સતત વાયરલ થતા હતાં. પોતાના ઘર ઉપર પણ તેમણે પોતે કલ્કી ભગવાનનો અવતાર છે તેવુ બોર્ડ લગાવીને રાખ્યું હતું! હાલ તેમણે એકલવાયા જીવનથી કંટાળીને આ પગલુ ભરી લીધાનું સામે આવ્યું છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના યુનિવર્સિટી રોડ પર શારદાનગર પાસે એચપીના પંપ પાછળ બંસરી સોસાયટીમાં રહેતાં સિંચાઇ વિભાગના નિવૃત એન્જીનીયર કે જેઓ પોતાને ભગવાન વિષ્ણુનો દસમો અવતાર એટલે કે કલકી અવતાર ગણાવતાં હતાં તે વૃધ્ધે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે અને વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. વધુ માહિતી અનુસાર બંસરી સોસાયટીમાં રહેતાં રમેશચંદ્ર હરજીભાઇ ફેફર નામના વૃધ્ધએ પોતાના ઘરમાં ગળાફાંસો ખાઇ લીધાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ જે. આઇ. ઝાલા સહિતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આપઘાત કરનારના પત્નિ અને પુત્ર લંડન રહે છે. પોતે અહિ એકલા રહેતાં હતાં અને નિવૃત જીવન જીવતાં હતાં. એકલવાયા જીવનથી કંટાળીને આ પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. ઉલ્લેખનીય છે કે રમેશચંદ્ર ફેફર જળ સિંચાઇ વિભાગના નિવૃત ઇજનેર હતાં. તે પોતાને ભગવાન કલ્કીનો અવતાર ગણાવતાં હતાં અને અવાર-નવાર મિડીયા સમક્ષ નિવેદનો કરતા હતાં. તેના અનેક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયા હતાં. વર્ષો પહેલા રમેશચંદ્ર ફેફર વિરૂધ્ધ ત્રાસની ફરિયાદ પણ થઇ હોવાનું કહેવાય છે. તેમણે પોતાના ઘરની બહાર પણ પોતે કલ્કી અવતાર છે તેવું બોર્ડ લગાવ્યું હતું! અનેક વખતે આ વૃધ્ધે પોતે કલ્કી ભગવાનનો અવતાર છે તેમ કહીને જાત જાતના નિવેદનો આપી વિવાદ સર્જ્યા હતાં.



એક વખત તો તેમના કરતૂતનો પર્દાફાશ કરવા વિજ્ઞાન જાથાની ટીમ તેના ઘરે પહોંચી હતી. વિજ્ઞાન જાથાની ટીમને જોઇને રમેશ ફેફરે પોતાનું ઘર અંદરથી બંધ કરી દીધું હતું. વિજ્ઞાન જાથાને રાક્ષક ગણાવ્યા હતા. થોડા સમય માટે ટીમ અને રમેશ ફેફર વચ્ચે બોલાચાલી થઇ હતી. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ ત્યારે કહ્યું હતુ કે આ રમેશભાઇ ફેફર માનસિક રીતે અસ્વસ્થ લાગે છે. તે જે વાતો કરે છે તે અંધશ્રધ્ધા ફેલાવતી વાતો છે. જેને લઇને આજે પોલીસ કમિશનર અને જિલ્લા કલેક્ટરને રજૂઆત કરાશે અને તેનો કબ્જો લઇને મેન્ટલ હોસ્પિટલમાં સારવાર માટે લઇ જઇને તેની સારવાર કરવામાં આવે તેવી માંગ કરાશે. વિજ્ઞાન જાથાની ટીમને જોઇને તેમણે પોતાનો વાણી વિલાસ શરૂ કર્યો હતો.

પોતે વિષ્ણુના અવતાર છે અને બાકીના બધા રાક્ષસો છે તેવું કહીને પૃથ્વી પર સૌ રાક્ષસોના સંહાર કરશે તેવી ડંફાશ મારી હતી. કોરોના રાક્ષસોના સંહારનું શસ્ત્ર હોવાની પણ ડંફાશ મારી હતી.વરસાદ અને દુષ્કાળ પોતાના હાથમાં હોવાનો દાવો કરીને મંત્ર તંત્રના ઢોંગ પણ કર્યા હતાં. રમેશભાઇ ફેફરના પરિવારજનો પણ તેનાથી ત્રાસી ગયા હોઇ અગાઉ તેમના પત્નિએ પણ ફરિયાદ કરી હતી. જો કે હાલ રમેશભાઇએ એકલાવાયા જીવનથી કંટાળીને આ પગલુ ભરી લીધાનું બહાર આવ્યું હતું.

**આપઘાતના બીજા બનાવમાં પિતાએ કાર લેવાની ના પાડતાં ઝેર પી વીસ વર્ષના યુવાને જીવ દીધોઃ બિમારીથી કંટાળી જઇ મુસ્લિમ આધેડે ગળાફાંસો ખાઇ મોત મેળવતાં પરિવારમાં માતમ**

અન્ય બે આત્મહત્યાના બનાવમાં કુવાડવાના બેટી ગામે રહેતાં મિલન પરષોત્તમભાઇ ચૌહાણ નામના વીસ વર્ષના યુવાન ગામમાં રામાપીરના મંદિર પાસે ઝેર પી લેતાં કુવાડવા હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ સારવાર દરમિયાન આજે દમ તોડી દેતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. તે બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો અને ખેતી કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. મિલનને કાર લેવી હતી. પણ પિતાએ હાલમાં નહિ પછી લઇશું તેમ કહેતાં માઠુ લાગતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું.

જ્યારે બીજા બનાવમાં કોઠારીયા ગામમાં પાણીના ટાંકા સામે શેરી નં. ૨૨માં રહેતાં સુડતાલીસ વર્ષના રફીકભાઇ અલારખાભાઇ ગોરી નામના આધેડે ઘરે ગળાફાંસો ખાઇ લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રફીકભાઇ એક બહેનથી નાના હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. ડાયાબીટીસની બીમારીથી કંટાળીને પગલુ ભર્યુ હતું. તેઓ કારખાનામાં મજૂરી કરતાં હતાં.

### એક દિવસ પણ એવું નથી બનતું કે કોઇ છેતરાયું ન હોયઃ વધુ બે ઘટનાની એફઆઇઆર

# કાપડના બે દલાલ કારખાનેદારના તોંતેર લાખ ભૂત

## બ્રોકરે કારમેળામાંથી સવા બાર લાખની કાર ગ્રાહકને બતાવવાનું કહીને હંકારી મુકી, પછી પાછો જ ન આવ્યો

રાજકોટ, તા. ૨૩

ગામને છેતરવાના બનાવોમાં એક દિવસ પણ રાહત રહેતી નથી. રાજ્યના કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારના કિસ્સા રોજ નોંધાયા કરે છે. વધુ બે ફ્રોડની ઘટનામાં કારખાનેદાર સાથે બોંતેર લાખથી વધુની ઠગાઇ થઇ છે. કાપડના દલાલ સહિત બે જણા ધૂંબો મારી ગયા હતાં. બીજા કિસ્સામાં ગ્રાહકને બતાવવાના બહાને બ્રોકર સવા બાર લાખની કાર લઇ રફુચક્કર થઇ ગયો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો સુરતના ભાઠેનાના કારખાનેદાર પાસેથી ઉધારમાં ૭૨.૮૭ લાખનું કાપડ ઉધારમાં લઇ છેતરપિંડી કરનાર દલાલ અને વેપારી વિરૂદ્ધ ઉધના પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. પાસોદરા પાટીયા સ્થિત હરસિધ્ધી સોસાયટીમાં રહેતા -ફુલભાઈ જાદવભાઈ કાછડીયા ભાઠેનામાં શિવમ સોસાયટીમાં મહાલક્ષ્મી ફેશન નામથી કાપડનું કારખાનું ચલાવે છે. તેમની પાસે કાપડ દલાલ મોનુ ઉધનાવાળો આવ્યો હતો અને તેની પાસે સારી પાર્ટી હોવાનું અને સમયસર પેમેન્ટ કરાવી આપવાનું જણાવ્યું હતું. બાદમાં તેણે આંજણા જય ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં સિધ્ધિ વિનાયક એન્ટરપ્રાઈઝના નામથી ધંધો કરતા આશીષકુમાર મુકેશચંદ ટંડેલ ઉર્ફે રાહુલ ભેંસાણ રામનનગરવાળા સાથે મુલાકાત કરાવી હતી.

આ પછી મોનુ મારફતે રૂ.૮૩.૪૮ લાખની કિંમતની સાડીઓ ઉધારમાં આપી હતી. જેમાંથી રૂ.૧૦.૬૦ લાખ ચૂકવી આપ્યા હતા. જ્યારે બાકીના લેવાના નિકળતા રૂ.૭૨.૮૭ લાખની અવાર નવાર ઉઘરાણી કરવા છતાં તેણે પેમેન્ટ આપ્યું ન હતું. બાદમાં પૈસા આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દઇ ઉઘરાણી કરશો તો જાનથી મારી




નાખવાની ધમકી આપી હતી. છેવટે પ્રફુલભાઇએ ઉધના પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આશીષકુમાર ટંડેલ અને દલાલ મોનુ સામે છેતરપિંડીનો ગુનો નોધી તપાસ શરૂ કરી હતી.

બીજી ઘટના જોઈએ તો સરથાણા વિસ્તારમાં આવેલા -િમિયમ કાર મેળામાંથી ગ્રાહકના કાર બતાવી કેટલી લોન થઇ શકે છે તે ચેક કરવાના બહાને બ્રોકરે ૧૨.૨૫ લાખની કિંમતની કાર અને તેના ડોક્યુમેન્ટસ લઇ જઇ પરત નહીં કરી છેતરપિંડી કર્યાનો બનાવ સરથાણા પોલીસમાં દાખલ થયો છે. બ્રોકર અને ખરીદદારના જોડાણથી તેમની માલિકીની સ્કોડા કાર તથા દસ્તાવેજો કબજે લઈ લેવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં ખરીદદાર કેતનભાઈ મનસુખભાઈ વઘાસીયા પર વિશ્વાસઘાત, ધમકી અને ખંડણીના આરોપો લગાવાયા છે. સરથાણા ઈન્ફીનીટી પાર્ક ખાતે રહેતા હાર્દિક મુકેશ તેજાણી સરથાણા બ્રહ્માણી કમ્પાઉન્ડમાં પ્રિમિયમ કાર મેળાના નામે ગાડી લે-વેચ કરે છે. તેના મિત્ર અને બ્રોકર ધુપલભાઈ સુરેશભાઈ વઘાસીયા દ્વારા તેઓને કેતન વઘાસીયા સાથે મળવા લાવવામાં આવ્યા. કેતને કાર ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

બાદ કારનો ભાવ રૂ.૧૨.૨૫ લાખમાં નક્કી કરવામાં આવ્યો. અને લોન થશે કે કેમ તે ચેક કરવાના બહાને હાર્દિક પાસેથી કેતને કારના દસ્તાવેજ તથા ટીટીઓ ફોર્મ મેળવી લીધા હતા. સાંજે કેતને બતાવવાના બહાને કાર પણ પોતાની પાસે લઇ લીધી હતી. ત્યારે તેણે લોન કરીને પૈસા ચૂકવી દેવાનું કહ્યું હતુ. આઠેક દિવસ થયા છતા પૈસા નહીં આપતા હાર્દિકે ઉઘરાણી કરતા કેતને તારી કાર નહીં મળે, તારાથી થાય તે કર.હવે આ બાબતે વાત કરશો તો તને બ્લેકમેલિંગના ધંધામાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આખરે હાર્દિક તેજાણીએ સરથાણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# વૃધ્ધને આંતરી મોબાઇલ પડાવી જનારા સગીર સહિત બેને ક્રાઇમ બ્રાંચે પકડયા

### શરદ પીઠડીયા નામના સિનીયર સીટીઝન સાથે બનાવ બન્યો હતો

### ઝડપાયેલામાં સગીર અગાઉ પોલીસ પર હુમલો કરવામાં પણ સામેલ હતો

રાજકોટ, તા. ૨૩

શહેર ક્રાઇમ બ્રાંચે વધુ એક ગુનાનો ભેદ ખોલી સગીર સહિત બે આરોપીને પકડી લીધા છે. ચાર દિવસ પહેલા અતિથી ચોકથી અક્ષર રોડ પર જતાં સતનામ હોસ્પિટલ પાસે મોડી રાતે એક્ટીવા પર જઇ રહેલા વૃધ્ધને બાઇક પર આવેલા બે શખ્સે ઉભા રાખી જે હોય તે આપી દે કહી બાદમાં વૃધ્ધે પોતાનો ફોન કાઢી ઘરે વાત કરવા કાન પર રાખતાં આ બંને મોબાઇલ ફોન ખેંચી લીધો હતો. આ ગુનો ઉકેલાઇ ગયો છે.

માલવીયાનગર પોલીસે અમીન માર્ગ પર ચિત્રકુટધામ સોસાયટી ૧-એમાં માતૃકૃપા ખાતે રહેતાં શરદભાઇ ચુનીલાલ પીઠડીયા નામના છાંસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી અજાણ્યા બે શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. આ ગુનો ક્રાઇમ બ્રાંચે ઉકેલી એક સગીર સહિત બે શખ્સને દબોચી લીધા હતાં. ઘરે બેઠા એડવર્ટાઝીંગનું કામ કરતાં શરદભાઇગુરૂવારે રાતે ઘરેથી અતિથી ચોકમાં ક્રિષ્ના હોટલ ખાતે ચા પીવા ગયા બાદ સાડા બારેક વાગ્યે ઘરે




પરત જતાં હતાં ત્યારે અતિથી ચોકથી ઉત્કર્ષ સ્કૂલવાળા અક્ષર રોડ પર જતાં સતનામ હોસ્પિટલ સામે બે શખ્સે તેને આંતરી જે હોય તે આપી દેવાનું કહ્યું હતું. બાદમાં શરદભાઇ ફોન પર વાત કરતાં હતાં ત્યારે આ બંને ફોનની ચિલઝડપ કરી ભાગી ગયા હતાં.

દરમિયાન ક્રાઇમ બ્રાંચના હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ સબાડ, કિશનભાઇ પાંભર અને કોન્સ. મહાવીરસિંહ જાડેજાની બાતમી પરથી ઉકેલાયો છે. લીમડા ચોકમાંથી ગુલામહુશેન ઉર્ફ અયાન આમદભાઇ જુણેજા કે જે અઢાર વર્ષનો છે અનેમુળ ગોંડલ ભગવતપરાનો વતની છે. હાલ તે દૂધસાગર રોડ રિધ્ધી સિધ્ધી સોસાયટી સાગર ચોકમાં રહે છે તેને તથા એક સગીરને પકડી લઇ મોબાઇલ ફોન તથા ગુનામાં વાપરેલુ હોન્ડા જીજે૦૩સીએચ-૯૭૬૦ કબ્જે કર્યા છે. મોજશોખ માટે બંનેએ ચિલઝડપ કરી હતી. પોલીસના કહેવા મુજબ આ ગુનામાં સામેલ સગીર અગાઉ પોલીસ પર હુમલાના ગુનામાં પણ સંડોવાઇ ચુક્યો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ.આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ એ. એન. પરમાર, એસ. વી. ચુડાસમા, હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ સબાડ, કિશનભાઇ પાંભર, અર્જુનભાઇ ડવ, કોન્સ. મહાવીરસિંહ જાડેજા, ગોપાલભાઇ પાટીલ, મયુરધ્વજસિંહ જાડેજા, પ્રશાંતભાઇ ચુડાસમા, સંજયભાઇ અલગોતર, અરવિંદભાઇ ફતેપરા, કરણભાઇ કોઠીવાળ, અનુજભાઇ ડાંગર અને પોપટભાઇ ગમારાએ આ કામગીરી કરી હતી. બંનેની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી છે.

# માલધારી ફાટક પાસે ટ્રેન કાળ બની અજાણ્યા યુવાનનું કમકમાટી ભર્યુ મોત

રાજકોટ, તા. ૨૩

કોઠારીયા સોલવન્ટથી માલધારી ફાટક વચ્ચે રાત્રીના સમયે આશરે ૩૫ વર્ષના એક યુવાનનું ટ્રેનની ઠોકરે ચડી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઇ રતન સાખરાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતક યુવાને ઝેરી લીલા કલરનું ટ્રેક અને બોટલ ગ્રીન કલરનો શર્ટ પહેરેલો



છે. તેના પગના છુંદા નીકળી જતાં ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. અકસ્માતે ટ્રેનની ઠોકરે ચડ્યું કે આત્મહત્યા કરી? તે બહાર આવ્યું નથી. મૃતકની ઓળખ થાય તેવી કોઇ ચીજવસ્તુ મળી નથી. તસ્વીરમાં દેખાતા યુવાનના કોઇ વાલીવારસ હોય તો આજીડેમ પોલીસનો ફોન ૭૪૩૩૮૧૪૮૦૮ અથવા પીએસઆઇ સાખરાનો ૯૬૨૪૦ ૮૪૨૪૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.

### પ્રેમમાં પડી જેની સાથે લગ્ન કર્યા એ પતિ પરમેશ્વર મટી અનહદ ત્રાસ દેનારો બની ગયો

# પત્નિને સરધારના ચોકમાં લઇ જઇ પતિએ ઉતારી સાડી!

### ખળભળાટ મચાવતી ઘટનાઃ બેહુદુ વર્તન કર્યા બાદ રામવન પાસે લઇ જઇ ત્યાં પણ ખરાબ હરકતો કરી પછી સોલવન્ટમાં માવતરે મુકી ભાગી ગયોઃ ફરીથી ત્યાં જઇ સાસુ સહિતની સાથે ડખ્ખો કર્યોઃ વિડીયો બતાવી પત્નિને બ્લેકમેઇલ કરી ધમકાવીઃ આજીડેમ પોલીસ પરિણીતાની વિતક સાંભળી ચોંકી ગઇઃ પતિ વિરૂધ્ધ ગુનો નોંધ્યોઃ પોતાને મારકુટ થયાનો પતિનો પણ આક્ષેપ

રાજકોટ, તા. ૨૩

આજના સમયમાં અઢી અક્ષરના પ્રેમમાં પડીને યુવક-યુવતિઓ ધડાધડ પ્રેમલગ્ન કરી લેતાં હોય છે. પ્રેમ કરવો, લગ્ન કરવા એમાં ખોટુ કંઇ નથી. પરંતુ આ પ્રકારના લગ્ન કર્યા બાદ તેને નીભાવી ન શકાય તો તેનું પરિણામ માઠુ આવતું હોય છે. આવી જ એક ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી ઓગણીસ વર્ષની યુવતિને અગાઉ પડોશમાં રહેતાં અને હાલ સરધાર રહેતાં ત્રીસ વર્ષના શખ્સ સાથે પ્રેમ થઇ જતાં બંનેએ લગ્ન કરી લીધા હતાં. આ લગ્ન જીવન દરમિયાન યુવતિ એક દિકરાની માતા પણ બની છે. જો કે હવે ત્રણેક મહિનાથી આ પતિ પરમેશ્વર મટીને ત્રાસરૂપ બની ગયો છે. સતત શંકા કરી તે મારકુટ કરે છે. હદ તો ત્યાં થઇ ગઇ કે તેણે પત્નિને મોડી રાતે પાઇપથી ફટકારી કોણી ભાંગી નાંખી હતી. પછી ગામના ચોકમાં લઇ જઇ તેણીની સાડી ઉતારી નાંખી હતી, રામવન પાસે લઇ જઇ ત્યાં પણ બેહુદુ વર્તન કર્યુ હતું. પછી તેણીને માવતરે મુકી નીકળી ગયો હતો. ઓછુ હોય તેમ ફરીથી ત્યાં જઇ સાસુ, સાળાના પત્નિ સાથે ડખ્ખો કરી પત્નિને વિડીયોને આધારે બ્લેકમેઇલ કરી મારી નાખવાની ધમકી આપી હતી!



પત્નિને પહેલા ઢીકાપાટુ માર્યા, પછી લોખંડનો પાઇપ ફટકારી કોણી ભાંગી નાંખી, પછી ગામમાં લઇ જઇ સિતમ ગુજાર્યો

આ ચોંકાનવારી ઘટના પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ પચ્ચીસ વારીયામાં માવતર ધરાવતી યુવતિએ સરધારના શખ્સ સાથે પ્રેમલગ્ન કર્યા હોઇ આ યુવતિને ત્રણ દિવસ પહેલા મોડી રાતે પતિએ ગાળો દઇ લોખંડના પાઇપથી માર મારી તેમજ સરધાર ગામના ચોકમાં લઇ જઇ સાડી ઉતારી ખરાબ વર્તન કરી તેમજ રામવન પાસે લઇ જઇ ત્યાં પણ ખરાબ વર્તન કર્યા બાદ તેણીને માતવરે મુકી જતો રહ્યા પછી ગત સાંજે ફરીથી સાસરિયામાં જઇ સાસુ, સાળાના પત્નિ સહિતની સાથે ઝઘડો કરી પત્નિનો અગાઉ વિડીયો ઉતાર્યો હોઇ તેના થકી બ્લેકમેઇલ કરી તેણીને મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. ત્રણ મહિનાથી તે ખોટી શંકા કરી હેરાન કરતો હોવાનું અને પાઇપ ફટકારતાં કોણી ભાંગી ગયાનું ફરિયાદમાં પરિણીતાએ જણાવતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. આજીડેમ પોલીસે સરધાર ગામમાં રહેતાં ઓગણીસ વર્ષના પરિણીતાની ફરિયાદ પરથી તેના ત્રીસ વર્ષના પતિ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે.

તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું સરધાર રહુ છું. મારો પતિ અગાઉ મારા માવતર કે જે કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયામાં રહે છે ત્યાં રહેતો હોઇ અમારી વચ્ચે પ્રેમ થઇ જતાં અમે ઘરમેળે લગ્ન કર્યા છે. મારે તેના થકી સંતાનમાં એક દિકરો છે. ગત ઓગણીસમી સપ્ટેમ્બરના રાતે એકાદ વાગ્યે હું ઘરે હતી ત્યારે પતિ બહારથી આવી મારી સાથે જેમફાવે તેમ બોલવા લાગતાં મેં તેને કહેલું કે-અત્યારે તમે સુઇ જાવ. આથી તે વધુ ઉશ્કેરાઇ ગયેલ અને ગાળો દઇ ઢીકાપાટુનો માર માર્યો હતો. મેં તેને ગાળો નહિ બોલવા અને માર નહિ મારવા સમજાવતાં ઘરના ખુણામાં લોખંડનો પાઇપ પડ્યો હોઇ તે ઉપાડીને જમણા હાથની કોણી પર મારી દીધો હતો. બાદમાં પતિ મારા ગળા પર બેસી ગયો હતો અને બાદમાં મને સરધાર ગામના પંચમુખી ચોકમાં લઇ ગયો હતો. ત્યાં પણ મારી સાથે ખરાબ વર્તન કરી મારી સાડી ઉતારી ખેંચી હતી.

ત્યારપછી જ્યુપીટરમાં બેસાડી રાજકોટ રામવન પાસે લઇ જઇ ત્યાં પણ ખરાબ વર્તન કર્યુ હતું. છેલ્લે મને કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયીમાં શિતળાધાર પચ્ચીસ વારીયામાં મારા મમ્મીના ઘરે મુકીને જતો રહ્યો હતો. બાદ મેં મારા માતા, બહેન, ભાભીને વાત કરી હતી કે મને પતિએ પાઇપથી ફટકારી છે અને જમણા હાથમાં ઇજા છે. આથી આ લોકો મને ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતાં. ડોક્ટરે એક્સ-રે કરાવતાં તેમાં ફ્રેકચર થઇ ગયાનું જણાવ્યું હતું. પેટના ભાગે પણ મને પાટા માર્યા હોઇ મુંઢ ઇજા થઇ હતી. દરમિયાન સોમવારે બાવીસમીએ સાંજે હું મારા મમ્મીના ઘરે હતી ત્યાં ફરીથી પતિએ આવી મારા મમ્મી, ભાભી સાથે બોલાચાલી કરી મારો વિડીયો ઉતારેલ હોઇ જે બાબતે બ્લેકમેઇલ કરી મારી નાખવાની ધમકી આપી હતી.

આમ મારો પતિ છેલ્લા ત્રણ મહિનાથી મારા પર શંકા કરી હેરાન પરેશાન કરતો હોઇ જેથી મેં તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવા મજબૂર થવું પડ્યું હતું. તેમ પોતાની વિતક વર્ણવતા પરિણીતાએ કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર અશોકસિંહ બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી. કે. ગામેતીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બીજી તરફ જેના વિરૂધ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો છે તે ત્રીસ વર્ષનો પતિ પણ રાતે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો અને પોતાને સાળાઓ સહિતનાએ ઢીકાપાટુ માર્યાનો અને પોલીસે પણ મારકુટ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસમાં નોંધ કરાવી હતી. તેણે કહ્યું હતું કે પોતે કડીયા કામ કરે છે. પોતે દિકરાને મળાવવવા પત્નિ પાસે લઇ ગયો ત્યારે પોતાને ઘેરી લઇ હુમલો કરાયાનો આક્ષેપ પણ તેણે કર્યો હતો. આ બનાવે સરધાર, કોઠારીયા સોલવન્ટ પચ્ચીસ વારીયામાં ચકચાર જગાવી છે.

### સીબીઆઇમાંથી બોલુ છું...કહી એવી એવી વાતો કરી કે મહિલા ગભરાઇ ગયા

# શિક્ષીકાને પાકિસ્તાન કનેક્શન છે કહી ડરાવી ત્રીસ લાખ પડાવ્યા

### આગળની કાર્યવાહી ન કરવી હોય તો પૈસા આપવા પડશે કહી અઢાર હજાર લઇ લીધાઃ પછી નેટ બેન્કીંગ ચાલુ કરાવી કટકે કટકે નાણા પડાવ્યાઃ તમે નિર્દોષ હશો તો સરકાર બમણા રૂપિયા પાછા આપશે કહી વિશ્વાસ આપ્યો હતો : લૂંટેરી દૂલ્હન અને તેની ટોળકીના પાંચ જણા યુવાનને લગાવી ગયા પોણા ચાર લાખનો ચૂનો

રાજકોટ, તા. ૨૩

સાયબર ગઠીયાઓ અલગ અલગ તરકીબોનો ઉપયોગ કરી લોકોને ડરાવી ધમકાવી રૂપિયા ખંખેરી લેતાં હોય છે. વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં એક શિક્ષીકાને ફોન કરી તમારુ પાકિસ્તાન સાથે કનેક્શન છે કરી સીબીઆઇ ઓફિસરની ઓળખ આપી નેટ બેંકીંગ ચાલુ કરાવી કટકે કટકે ત્રીસ લાખ રૂપિયા પડાવી લીધા હતાં.

ચકચાર જગાવની આ ઘટના પર નજર કરીએ તો હાલમાં સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે રાજ્યના પાટનગર ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા મહિલા શિક્ષિકાને સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને સાયબર ગઠિયાઓ દ્વારા તબક્કાવાર 30 લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના બહાર આવી છે. જે મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર દેશમાં હાલ સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ડિજિટલ એરેસ્ટ કરીને આ ગઠિયાઓ દ્વારા ધાક ધમકી આપીને લાખો કરોડો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે ફરી વખત ગાંધીનગર જિલ્લામાં આ ટોળકીએ વધુ એક મહિલા શિક્ષિકાને ભોગ બનાવ્યો છે.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે કલોલમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતા મહિલાને તેમના મોબાઈલ ઉપર વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાનું નામ મોહિત શર્મા જણાવ્યું હતું અને સીબીઆઇ ઓફિસર તરીકેની ઓળખ આપી હતી. જેણે આ શિક્ષિકાને કહ્યું હતું કે તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે ત્યારબાદ ધમકાવી હતી અને જો આગળ કાર્યવાહી ના કરવી હોય તો ૧૮,૦૦૦ની માંગણી કરી હતી. જે ટ્રાન્સફર કર્યા હતા.

ત્યારબાદ મોહિત શર્માએ અન્ય બે વ્યક્તિઓનો પરિચય કરાવ્યો હતો જેમાં એક દેવાંશીશ મિશ્રા જે એસબીઆઇ બેન્કમાં ચીફ જનરલ મેનેજર હોવાનું કહ્યું હતું અને ત્યારબાદ સેન્ટ્રલ બેન્કના મેનેજર તરીકે પણ અન્ય એક વ્યક્તિએ ઓળખ આપી હતી. જેમણે દિવસમાં સતત ૧૦ થી ૧૫ વખત વોટ્સએપ કોલ કરીને તેમની સમગ્ર વિગત મેળવી લીધી હતી. આ સાયબર ટોળકી દ્વારા શિક્ષિકાની માતાનું બેન્ક ખાતાનું ઓનલાઈન નેટબેન્કિંગ ચાલુ કરાવીને તેનો એક્સેસ મેળવી લીધો હતો અને શિક્ષિકાને વિશ્વાસ અપાવ્યો હતો કે તમારા રૂપિયા બમણા થઈને સરકાર પરત કરી દેશે.



આમ તબક્કાવાર કુલ ૨૯.૯૦ લાખ રૂપિયા જુદાજુદા બેંક ખાતાઓમાં જમા કરાવડાવ્યા હતા. જોકે તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને ત્યારબાદ સગા સંબંધીઓને આ સંદર્ભે વાત કરતા તેમની સાથે સાયબર ફ્રોડ કરવામાં આવ્યો હોવાનું બહાર આવતા સાયબર હેલ્પલાઇનમાં ફરિયાદ આપી હતી અને ત્યારબાદ હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

બીજા એક ફ્રોડના બનાવમાં લૂંટેરી દૂલ્હન અને ટોળકી યુવાનને પોણા ચાર લાખનો ચૂનો લગાવી ગઇ હતી. વડોદરા શહેરમાં લૂંટેરી દુલ્હન જેવો કિસ્સો -કાશમાં આવ્યો છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના યુવકના લગ્ન ન થતા હતા. ત્યારે આ યુવકના તરસાલી વિસ્તારમાં રહેતી યુવતી સાથે લગ્ન કરાવવાનું કહી પાંચ લોકોએ યુવક અને તેના પાસેથી સગાઇથી માડીંને લગ્ન સુધીનો તમામ ખર્ચ મળી રૂ. ૩.૭૫ લાખ પડાવી લીધા હતા. આ સમગ્ર બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ યુવતી દસ દિવસ સુધી સાસરીમાં રહ્યાં બાદ તેના ભાઇ સહિતના લોકો તેને પિયરમાં તેડી લાવ્યા હતા.

દરિમયાન આ યુવતીએ રૂપિયા અને દાગીના પણ પરત આપ્યા ન હતા અને ફોન બંધ કરી દીધા હતા. જેથી યુવકની માતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ઠગાઇ કરનાર યુવતી સહિતના ૬ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. સુરેન્દ્રનગર જિલ્લાના સોલડી ગામે રહેતા અને આશા વર્કરનું કામ કરતા તારાબેન મનસુખભાઈ ભલગામાના દીકરા લાલજી મનસુખભાઈ ભલગામાં તેના લગ્ન કરવાના બાકી હતા. તેઓ દીકરાના લગ્ન કરાવવા માટે છોકરીની શોધખોળ કરી રહ્યાં હતા. દરમિયાન તેમની બહેનપણી શરીફાબેનના ઘરે મહિલા અવાર નવાર જતી હતી ત્યારે તેઓ એકબીજાને સારી રીતે ઓળખતા હતા. મહિલા શરીફાબેનને તેમના દીકરા લાલજીના લગ્ન કરવાના બાકી છે તેમ કહ્યું હતું.

ત્યારે શરીફાબેનનો દીકરો તોસીફ પણ ત્યાં આવ્યો હતો. તેણે મહિલાને જણાવ્યું હતું કે, તેનો મિત્ર નાજીરભાઈ જે ભરૂચનો છે તે લગ્ન કરાવી આપવાનું કામ કરે છે. જેથી મહિલાએ તેના દીકરાના લગ્ન માટે કોઈ છોકરી હોય તો જણાવવા માટે કહ્યું હતું. ત્યારબાદ બીજા દીવસે તોસીફે મોબાઇલ પર એક સોનાલી નામની છોકરીની ફોટો, આધારકાર્ડ તેમજ છોકરીનું લીવીંગ સર્ટિ સહિતના ફોટા મોકલી આપ્યાં હતા. મહિલા દીકરા લાલજીને આ છોકરીને ફોટો બતાવ્યો હતો ત્યારે લાલજીને પણ છોકરી પસંદ આવી ગઇ હતી. જેથી માતા પુત્રે તેમના પરિવારના સભ્યો સાથે મળી તોસીફભાઈ, શરીફાબેન તથા રમેશભાઈ પ્રજાપતિને લઇને તરસાલી વિસ્તારમાં રહેતી સોનાલીના ઘરે આવ્યા હતા.

ત્યાં તોસિફે સોનાલી નામની છોકરી બતાવી હતી અને જણાવ્યું હતું કે, યુવતી પાસે રૂપિયા નથી જેથી તમારે દીકરાના લગ્ન કરી આપવાના ત્રણ લાખ રૂપિયા આપવા પડશે અને લગ્ન કરાવવાની તેમજ પૈસાની તમામ જવાબદારી તેવો ભરોષો પણ અપાવ્યો હતો. જેથી દીકરીના લગ્ન થતા ન હોય માતા-પુત્ર સહિતના પરિવારના સભ્યો પણ સહમત થયા હતા અને તોસીફે જો છોકરી પસંદ આવે તો સગાઈથી લગ્ન સુધીના રૂ. ૩.૭૫ લાખ માતા અને પુત્ર પાસેથી પડાવી લીધા હતા. સુરેન્દ્રનગર ખાતે લગ્ન થયાના ૧૦ દિવસ બાદ યુવતીને આણુ વાળવાનું કહીને આરોપીઓ તેડી લાવ્યાં હતા. ત્યારબાદ વારંવાર ફોન કરવા છતા યુવતી સાસરીમાં જતી ન હતી. જેથી મહિલાએ યુવતી સહિતના છ જણાની ટોળકી સામે ફરિયાદ નોંધી તપાસ આરંભી છે.



# સત્તર પ્લોટ વેચી મનપાએ ઊભા કર્યા ૪૨૨ કરોડ

## છેલ્લા દસ વર્ષમાં થયેલ કામગીરીનો આંકડો આવ્યો સામે હાલ આ કાર્યવાહી કોઈ કારણોસર બંધ

રાજકોટ, તા. ૨૩

મહાનગરપાલિકા દ્વારા આવક કેવી રીતે ઊભી કરવી વેરા વસુલાત બાદ તે અંગે ઘણા ખરા પ્રયોજનો હાથ ધરવામાં આવતા હોય છે અને અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા સુજાવ પણ આપવામાં આવતા હોય છે હાલ મહાનગરપાલિકા પાસે આવકનો સ્રોત ઊભો કરવા માટે હવે વેદ મુદ્દાઓ વિવિધ કામગીરી કરવાની જરૂરિયાત ઊભી થઈ છે માત્ર વેરા વસુલાત થી જ કામગીરી થઈ શકતી નથી ત્યારે મહાનગરપાલિકા દ્વારા તેને હસ્તકની જે જગ્યાઓ પોઝ વિસ્તારમાં આવેલી હોય તેનું વેચાણ કરવા માટે હાલ પગલાંઓ લેવામાં આવતા હોય છે પરંતુ હાલ આ કામગીરી કોઈ કારણસર થઈ શકતી નથી તેવું જોવા મળ્યું છે પરંતુ છેલ્લા એક દશકમાં કોર્પોરેશનને ૪૨૨ કરોડની આવક ૧૭ પ્લોટ વેચતા થયેલી હોવાનું જાણવા મળ્યું છે. મહાપાલિકા દ્વારા પ્રાઈમ લોકેશનની કિંમતી જમીન વેંચવાની કાર્યવાહી સ્થગિત જેવી હાલતમાં છે ત્યારે છેલ્લા દાયકામાં અર્ધસરકારી કંપનીઓ સહિતની પાર્ટીને કુલ ૧૭ પ્લોટ વેંચતા ૪૨૨ કરોડની આવક થઈ છે.

હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને જો લેવામાં આવે તો મહાનગરપાલિકા દ્વારા છેલ્લા દસ વર્ષમાં પોતાની માલિકીના પ્લોટ વેચી ૪૨૨ કરોડની આવક ઊભી કરેલી છે. જેમાં પશ્ચિમ રાજકોટમાં સૌથી વધુ સાત પ્લોટ વહેંચવામાં આવ્યા હોવાનું જણાઈ રહ્યું છે. જેમાં નાના મોવા, મોટા મોવા, અને રૈયાની સાથે મવડીનો પણ સમાવેશ થાય છે. સેન્ટ્રલ ઝોનમાં છેલ્લા દસ વર્ષમાં ચાર પ્લોટ અને પૂર્વ રાજકોટ એટલે કે ઈસ્ટ ઝોન માં કુલ છ પ્લોટ વેચવામાં આવેલા હોવાનું માલુમ પડ્યું છે. અત્યાર સુધીમાં તમામ પ્લોટ જાહેર હરરાજી તથા પ્રાઈવેટ કંપનીઓ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી બજાર કિંમત મુજબ જમીનો વેંચવામાં આવી છે. જેમાં એચપીસીએલ, જીએસએફસી, જેટકો, ડીમાર્ટ સહિતનાને જમીનનું વેંચાણ કર્યુ છે..

એચપીસીએલને પાંચ સ્થળે તથા જેટકોને ચાર સ્થળે અને જીએસએફસીને એક સ્થળે તેમજ ડીમાર્ટને બે સ્થળે જમીન વેંચવામાં આવી છે.મનપાએ ૧૦ વર્ષ દરમિયાન જમીનોનું વેંચાણ કર્યુ છે તેમાં ટીપી સ્કીમ નંબર ૪ રૈયા, ૩ પ્લોટ તથા ટીપી ૧૦ મોટા મવા, એક પ્લોટ, ટીપી ૨૬ મવડી, ૧ પ્લોટ, ટીપી ૩, નાના મવા, ૧ પ્લોટ તેમજ ટીપી ૨૪ અને ૯, ૨ પ્લોટ તથા ટીપી ૪, ૧ પ્લોટ તેમજ રેસકોર્ષ રીંગરોડ અને રામનાથપરામાં ૨ પ્લોટ તથા ટીપી સ્કીમ નંબર ૧૦, ૧ પ્લોટ તથા ટીપી સ્કીમ ૧૨, ૩ પ્લોટ, ટીપી સ્કીમ નંબર ૧૩, ૧ પ્લોટ અને ટીપી સ્કીમ નંબર ૭, ૧ પ્લોટ સામેલ છે.તો નાના મવા સર્કલ ખાતે હરરાજીથી વેંચવામાં આવેલ સૌથી કિંમતી પ્લોટના નાણા સમયસર ન આવતા ખરીદારની ડીપોઝીટ જપ્ત કરી વેંચાણ કરાર રદ કરવામાં આવ્યો હતો તે ઉલ્લેખનીય છે.

# ધ સ્પેસના રહેવાસીઓ હેરાન-પરેશાન

## પોલીસ કમિશનર કચેરી ખાતે કરી ઉગ્ર રજૂઆત, કહ્યું મેન્ટેનન્સના નાણાં લઈ લીધા છતાં સુવિધાના નામે મીંડુ



રાજકોટ, તા. ૨૩

એક તરફ સરકાર રિયલ એસ્ટેટ ક્ષેત્રને વેગવંતુ બનાવવા માટે કાર્ય કરી રહ્યું છે તો બીજી તરફ રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે સંકળાયેલા બિલ્ડરો દ્વારા સ્થાનિક લોકો કે જ્યાં રહેવા આવતા હોય તેમની સાથે એનકેન પ્રકારે છેતરપિંડી કરવામાં આવતી હોવાનું માલુમ પડ્યું છે. અને આ પ્રકારના અનેકવિધ કેસો છેલ્લા દિવસોમાં જોવા મળ્યા છે ફ્લેટ નો પૂરેપૂરો ભાવ વસૂલ કરવામાં આવતો હોય છે અને એમીનિટીઝ માટે આંબા આંબલી પણ દેખાડવામાં આવતા હોય છે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે તેવું કંઈ હોતું જ નથી અને લોકો ભોળવાઈને હેરાન થાય છે.

માધાપર ચોકડી નજીક આવેલા ધ સ્પેસ બિલ્ડિંગમાં ૨૦૦થી વધુ ફ્લેટ ધારકો દ્વારા ગઈકાલે પોલીસ કમિશનર કચેરી ખાતે આવેદન આપવામાં આવ્યું હતું અને તેઓએ ઉગ્ર રજૂઆત કરી હતી અને કહ્યું કે જે એમેનીટીઝની વાતો કરવામાં આવી હતી અને જે વચનો આપવામાં આવ્યા હતા તે મુજબની એક પણ એ મિનિટેજ હજુ સુધી મળી નથી ઊલટું પાણીનો પ્રશ્ન પણ વ્યાપક પ્રમાણમાં લોકોને બતાવી રહ્યો છે. બીજી તરફ બિલ્ડર હાય હાયના નારા પણ લગાવવામાં આવ્યા હતા.

માધાપર ચોકડી નજીક આવેલ ધ સ્પેસ બિલ્ડીંગના ૨૦૦ થી વધુ ફ્લેટ ધારકોને બિલ્ડરે સામાન્ય સુવિધાથી પણ વંચિત રાખી વિશ્વાસઘાત કરતા ફ્લેટ ધારકો પોલીસ કમિશનર કચેરીએ ઉમટી પડ્યા હતા અને ઉગ્ર રજૂઆત કરી બિલ્ડર વિરુદ્ધ હાય હાયના નારા લગાવી સૂત્રોચાર કર્યા હતા. પોલીસ કમિશનરને ઉગ્ર રજુઆત કર્યા બાદ ફ્લેટ ધરકોએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ચાર વર્ષથી માધાપર સર્કલ નજીક આવેલ ધ સ્પેસ બિલ્ડીંગમાં રહે છે જ્યારે તેઓએ તે બિલ્ડિંગમાં ફ્લેટ બુક કરાવ્યા હતા, ત્યારે બિલ્ડર દ્વારા મોટા મોટા સપના દેખાડ્યા હતા.

ખાસ એમિનીટીઝમાં સ્વિમિંગ પૂલ, ગાર્ડન, જિમ, લાઇબ્રેરી સહિતની સુવિધાઓ મળશે તેવા સપના દેખાડતા ૨૦૦ થી વધુ પરિવારોએ તેમના ફ્લેટ બુક કરાવી શાંતિનું જીવન ગાળવાનો વિચાર કર્યો હતો. પરંતુ તેઓ જ્યારે ફ્લેટમાં રહેવા આવ્યા તે બાદ થોડા સમયના અંતરે જ બિલ્ડરની વાસ્તવિકતા સામે આવી હતી.

બિલ્ડરે દરેક ફ્લેટ ધારક પાસેથી ૧૫-૧૫ લાખ રૂપિયા મેન્ટેનસ માટે ઉઘરાવ્યાં હતાં. જે તમામ ફ્લેટ ધારકોના કુલ મળી ૨ કરોડથી વધું રૂપીયા એકઠા કર્યા હતાં. બિલ્ડરોએ તેમના જ માનીતા લોકોને એસોસિએશનમાં સમાવેશ કર્યો હતો, જે બાદ પાણી, વીજળી જેવી સામાન્ય સુવિધાથી પણ ફ્લેટ ધારકો વંચિત રહેવા લાગતા આ એસોસિએશનનો સંપર્ક કરતા કમિટીના કોઈપણ લોકો જવાબ આપતા ન હતા અને ફોન બંધ કરી દીધા હતા.

ઉપરાંત બિલ્ડરે અગાઉ જણાવેલ મુજબ સ્વિમિંગ પૂલ, ગાર્ડન, જીમ, લાઇબ્રેરી સહિતની સુવિધાઓ આપવાની વાત કરી હતી જે પણ આજ સુધી સુવિધાઓ મળી ન હતી. અવારનવાર તેમને ફોન કરતા તે જવાબ પણ આપતા નથી અને મેન્ટેનન્સના કરોડો રૂપિયા બાબતે કોઈ હિસાબ પણ આપતા નથી. તેમજ ફાયરની સુવિધા બિલ્ડરોએ કરવાની હોય છે, પરંતુ ફાયર સેફ્ટીનો ખર્ચ પણ તેઓએ મેન્ટેન્સનક રૂપીયામાંથી કાઢી લીધા હતાં અને ફ્લેટ ધારકો સાથે છેતરપીંડી આચરી છે. જે મામલે ફ્લેટ ધરકોએ ઉગ્ર રોષ બતાવી બિલ્ડરના નામના છાજીયા લઈ સૂત્રોચ્ચાર કર્યો હતો.

# વોર્ડ-૨માં નવા બોક્સ કલવર્ટનું કામ ચાલતું હોવાથી વાહનોની પ્રવેશબંધી

## લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ હરીહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જવા માગતા તમામ પ્રકારના વાહનો હરીહર ચોક, હેડ પોસ્ટ ઓફિસથી જ્યુબિલી ગાર્ડન ચોક થઈને જવાહર રોડ તરફથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જઈ શકશે



રાજકોટ તા. ૨૩

રાજકોટ શહેરમાં વોર્ડ-૨માં હરીહર ચોક પાસે નવું બોક્સ કલવર્ટ તથા રિટેઈનિંગ વોલનું કામ ચાલી રહ્યું છે. આ કામ પૂર્ણ ના થાય ત્યાં સુધી કાશી વિશ્વનાથ મેઈન રોડ પાસેથી હરીહર ચોક તરફ જતાં બંને તરફનો રોડ બંધ કરી તમામ વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરાઈ છે. આ સાથે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે.

આ અંગે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ જાહેરનામું જારી કર્યું છે. જેમાં જણાવ્યું છે કે, લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ હરીહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જવા માગતા તમામ પ્રકારના વાહનો હરીહર ચોક, હેડ પોસ્ટ ઓફિસથી જ્યુબિલી ગાર્ડન ચોક થઈને જવાહર રોડ તરફથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જઈ શકશે.

હરીહર ચોકથી સદર પોલીસ ચોકીથી સદર વન-વે ફુલછાબ ચોકથી તમામ વાહનો જઈ શકશે. ચૌધરી હાઈસ્કૂલથી લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ, હરિહર ચોક તરફ જવા માગતા તમામ પ્રકારના વાહનો આર-વર્લ્ડ સિનેમા, આઈ.સી.આઈ. સી.આઈ. બેન્ક (શારદાબાગ)થી ફુલછાબ ચોક, ભીલવાસ ચોકથી તમામ પ્રકારના વાહનો જઈ શકશે. ચૌધરી હાઈસ્કૂલથી કાશી વિશ્વનાથ મેઈન રોડ, ભારત ફ્રુટ પાસે થઈ સદર બજાર વન-વેથી લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ હરિહર ચોક તરફ તમામ વાહનો જઈ શકશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહિની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

### ટેકનીકલ ખામીઓ, પોર્ટલ સબંધીત મુશ્કેલીઓના કારણે ઓડિટ કરાવવાપાત્ર ૮ થી ૧૦ ટકા એકમોએ જ ઓડિટ રિપોર્ટ સબમીટ કર્યા

# IT ઓડિટ ફાઈલીંગની અવધિ વધારવા માંગ

રાજકોટ, તા. ૨૩

આવકવેરા ધારા ૧૯૬૧ અંતર્ગત નિશ્ચિત મર્યાદા કરતા વધારે આવક ધરાવતા કરદાતાઓએ તેમના બુક્સ ઓફ એકાઉન્ટસ આઈટી રીટર્ન ફાઈલ કરતા પહેલા માન્ય અને રજીસ્ટર્ડ સીએ પાસે ઓડિટ કરાવવા પડશે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ઓડિટ રીપોર્ટની સમય મર્યાદા તા. ૩૦-૦૯-૨૦૨૫ ના પુર્ણ થાય છે પરંતુ ઘણી બધી ટેકનીકલ ખામીઓ, પોર્ટલ સબંધીત મુશ્કેલીઓના કારણે ઓડિટ કરાવવા પાત્ર કુલ એકમો પૈકી ૮ થી ૧૦ ટકા એકમોએ જ ઓડિટ રિપોર્ટ સબમીટ કરેલ છે.

જયારે આશરે ૯૦% જેટલા બાકી રહેલા એક સપ્તાહમાં ફાઈલ કરી શકે તે અશકય છે. આ સંજોગોમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી બિજેનભાઈ કોટક દ્વારા નિર્મલા સીતારામન તથા CBDTના ચેરમેનની સમક્ષ વિવિધ પ્રશ્નો-મુશ્કેલીઓ ધ્યાને મુકેલ છે.

આવકવેરા ધારા અંતર્ગત નકિક કરવામાં આવેલ ઓડિટ રીપોર્ટ સબંધીત વર્ઝનમાં વારંવાર સુધારાઓ થતા હોવાને કારણે પહેલેથી જ ઓડીટ થયેલા રીપોર્ટ પણ નવી સ્કીમમાં રીવેલીડેટ કરવા પડે છે. જરૂરી ફાઈનાન્સીયલ સ્ટેટમેન્ટ કમ્પાઈલ કરવા, વૈધાનીક ઓડિટ કરવા, તમામ ડેટા વિવિધ રીપોર્ટ સિસ્ટમ (GST,TDS.SFT વિગેરે) માં રજુ કરવા માટે ૩ થી ૪ માસનો સમય લાગતો હોય છે. પરંતુ હાલમાં માત્ર થોડા દિવસો બાકી હોવાને કારણે આ કાર્ય વ્યવહારીક પોરણે શકય નથી.




મુડી લાભ, વિદેશી સંપતિ અને વ્યવસાયીક આવક ધરાવતા કરદાતાઓ માટે ITR-2 અને ITR-3 નિર્ધારીત કરાયેલા છે. કરદાતાઓએ નાણાંકીય બાબતો કમ્પાઈલ કરવાથી લઈને ચોકસાઈ સુનિશ્ચિત કરવી તથા નિર્ધારીત સમય મર્યાદામાં રીટર્ન ફાઈલ કરવા ખૂબ જ મર્યાદિત સમય ફાળવવામાં આવ્યો છે. વારંવાર પ્રયાસો છતાં એક જ PAN નંબર માટે AIS અને TIS ડેટામાં વિસંગતતા અને ટેકનીકલ સમસ્યાઓ વિલંબનું કારણ બને છે.

આવકવેરા ઈ-પોર્ટલમાં અપલોડ નિષ્ફળતા, માન્યતા ભુલો અને ડેટા મેચ થતા ન હોય તેવી સતત પોર્ટલ ભુલો ફાઈલીંગ માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે જેને કારણે સમયનો વ્યય થાય છે. નવરાત્રી, દુર્ગાપૂજા, દશેરા, દિવાળી વિગેરે તહેવારોના કારણે કામમાં વિક્ષેપો આવે છે. રિટેલ ઉત્પાદન, લોજીસ્ટીક્સ, ઈ-કોમર્સ જેવા ક્ષેત્રોમાં તહેવારોની સિઝન દરમ્યાન કામનો ભાર વધે છે. જેનાથી ઓડિટ રીપોર્ટની તૈયારી, સમીક્ષા અને ફાઈલીંગ પર ખુબ જ ગંભીર અસર પડે છે. આમ ઉપરોકત મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ઈન્કમટેક્ષ ઓડિટ રીપોર્ટ ફાઈલ કરવા માટે તા.૩૧-૧૧-૨૦૨૫ સુધી તથા ITR ફાઈલ કરવાની અંતિમ તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી લંબાવવા રજુઆત કરવામાં આવી છે.

**મનપાની કામગીરી સુચારું કરવા પ્રયાસ**

# ઝોનલ નાયબ કમિશનર તરીકે સમીર ઘડુક

## ઈસ્ટ ઝોનમાં મહેશ જાનીને, ચેતન નંદાણી વેસ્ટ ઝોનમાં, સેન્ટ્રલ ઝોનની જવાબદારી હર્ષદ પટેલને

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકામાં હાલ ઘણી કામગીરી એવી છે કે જે અપૂરતા સ્ટાફ કે કોઈ ટોચના અધિકારી ની જવાબદારી વગર પૂર્ણ થતું નથી અને લોકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે અને સામે કામગીરીને લઈને પણ આંગળી ચીંધાતી હોય છે ત્યારે આ અંગે તાકીદે નિર્ણય લેતા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તુષાર સુમેરા દ્વારા તમામ કામગીરીનું યોગ્ય મોનિટરિંગ થઈ શકે તે માટે નાયબ મ્યુનિસિપલ કમિશનર હેડ ક્વાટર ની જગ્યા કાર્યરત કરવામાં આવી છે અને અન્ય નાયબ મ્યુનિસિપલ કમિશનરોને તેમના ઝોન ફાળવી દેવામાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ શહેરીજનોને પોતાના નિવાસ



સ્થાનથી નજીકના સ્થળે મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાની કામગીરી ઝોનવાઈઝ કાર્યરત કરવામાં આવેલ છે, હાલ રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમા કુલ-૦૩ ઝોન કાર્યરત છે અને ઝોનવાઇઝ નાયબ મ્યુનિસિપલ કમિશનર ફાળવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ઝોનવાઇઝ નાયબ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ઝોનની વહીવટી/ ટેકનિકલ અને ફીલ્ડની કામગીરી હાલ કરવામાં આવે છે. હાલ શહેરની જરૂરીયાત મુજબ ઝોનલ નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝોન ખાતે જ વધુ સમય ફાળવે, ઝોન ખાતે જ નાગરિકોને સાંભળે, ફેરણી કરી શકે તેમજ યોગ્ય મોનિટરીંગ કરી શકે જેથી વહીવટી સુગમતા માટે નાયબ મ્યુનિસિપલ કમિશનર (હેડ ક્વાર્ટર)ની જગ્યા કાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ ચારેય નાયબ મ્યુનિસિપલ કમિશનરોને તેમની શાખાઓની ફાળવણી પણ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરી આપવામાં આવી છે. હાલ નાયબ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાનીને ઈસ્ટ ઝોન ની જવાબદારી સોંપવામાં આવી છે જ્યારે વેસ્ટ ઝોન ની જવાબદારી ચેતન નંદાણીને અને સેન્ટ્રલ ઝોન ની જવાબદારી હર્ષદ પટેલને સોંપાઈ છે. સાથોસાથ ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા હેડ ક્વાર્ટરની જવાબદારી સમીર ઘડુકને સોંપવામાં આવી છે.

### નાયબ મ્યુનિસિપલ કમિશનર (હેડ ક્વાર્ટર)

હિસાબી શાખા, કોમ્પ્યુટર વિભાગ, લીગલ તથા આર.ટી.આઈ. શાખા, પુસ્તકાલય વિભાગ, પ્રોજેક્ટ શાખા, સામાન્ય વહીવટ વિભાગ-આયોજન સેલ, પ્રોટોકોલ, ફરીયાદ નિવારણના નોડલ ઓફીસર, ઇ-સરકાર પોર્ટલ, શાળા બોર્ડ અને હાઇસ્કુલ વિભાગ, સાંસ્કૃતિક વિકાસ વિભાગ, સ્નાનાગાર વિભાગ, રેસકોર્સ સંકુલ અને પ્લેનેટોરીયમ, રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન

### ઝોનલ નાયબ મ્યુનિસિપલ કમિશનર (સેન્ટ્રલ ઝોન)

આવાસ યોજના (વહીવટી અને ટેકનિકલ), સેન્ટ્રલ સ્ટોર, વિભાગ(સ્ટેશનરી), ચુંટણી તથા વસ્તી ગણતરી વિભાગ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, WoW Cell (SWM), એસ્ટેટ શાખા, મહાત્મા ગાંધી મ્યુઝીયમ, માર્કેટ શાખા, દબાણ હટાવ વિભાગ સેન્ટ્રલ ઝોનના યાંત્રિક વિભાગ . (બાંધકામ, વો.વ., ડ્રેનેજ)

### ઝોનલ નાયબ મ્યુનિસિપલ કમિશનર ( વેસ્ટ ઝોન )

એ.એન.સી.ડી., બગીચા શાખા, રોશની શાખા, આરોગ્ય શાખા, આઈ.સી.ડી.એસ. શોપ એન્ડ એસ્ટા, વેરા વસુલાત શાખા, વ્યવસાય વેરો તથા અન્ય કર સેલ,મધ્યાહન ભોજન યોજના વિભાગ,સ્માર્ટ સીટી (RSCDL), વેસ્ટ ઝોનના યાંત્રિક વિભાગ.

### ઝોનલ નાયબ મ્યુનિસિપલ કમિશનર ( ઈસ્ટ ઝોન )

સેન્ટ્રલ વર્કશોપ, પ્રાણી સંગ્રહાલય શાખા, મહેકમ શાખા, સુરક્ષા વિભાગ, વિજીલન્સ શાખા, વિજીલન્સ (ટેક.) શાખા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિઝ, ડીઝાસ્ટર મેનેજમેન્ટના નોડલ ઓફીસર, આજી રીવર ફ્રન્ટ ડેવ., વોટર મેનેજમેન્ટ યુનિટ (વોટર વર્કસ પ્રોજેક્ટ તેમજ ડ્રેનેજ પ્રોજેક્ટ),સેન્ટ્રલ સ્ટોર (એન્જી.) ઉંક્ષગગછ્ઞ સેલ, AMRUT, SJMMSVY, ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ અને પાર્કિંગ મેનેજમેન્ટ, રાજકોટ રાજપથ લી.(RRL SPV) તથા ઈસ્ટ ઝોનના યાંત્રિક વિભાગ